RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No.167* Date: 07.04.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-


## ભાજપનો ૪૪મો સ્થાપના દિવસ

# ભાજપ હનુમાનજીના ’કેન ડૂ’ એટિટ્યૂટની જેમ કામ કરે છે, બધાની મદદ કરે છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી




નવીદિલ્હી,તા.૬

આજે ભાજપના ૪૪માં સ્થાપના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું, ‘હું એવા મહાન લોકોના કાર્યકરો અને નેતાઓને નમન કરું છું જેમણે આજ સુધી પાર્ટીને પોષણ આપ્યું, સમૃદ્ધ કર્યું અને સશક્ત કર્યું.‘ ભાજપની રચના ૪૩ વર્ષ પહેલાં ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ થઈ હતી. તેમણે કહ્યું, ‘આજે આપણે દેશના ખૂણે ખૂણે ભગવાન હનુમાનજીની જન્મજયંતીની ઉજવણી કરી રહ્યા છીએ. બજરંગબલીના નામનો પોકાર સર્વત્ર ગુંજી રહ્યો છે. હનુમાનજીનું જીવન અને ઘટનાઓ આજે પણ ભારતના વિકાસની યાત્રામાં આપણને પ્રેરણા આપે છે. મહાન શક્તિના આશીર્વાદ આપણી સફળતાઓમાં પ્રતિબિંબિત થાય છે.‘

ભારતે બજરંગબલી જેવી સુષુપ્ત શક્તિઓને અનુભવી છે : ‘હનુમાનજીમાં અસીમ શક્તિ છે, તેઓ એ શક્તિનો ઉપયોગ ત્યારે જ કરી શકે છે જ્યારે તેમની આત્મશંકા સમાપ્ત થઈ જાય. ૨૦૧૪ પહેલાં ભારતમાં પણ આવી જ સ્થિતિ હતી. ભારતને હવે બજરંગબલી જેવી પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓનો અહેસાસ થયો છે. ભાજપના કાર્યકરો અને પાર્ટી હનુમાનજીના આવા ગુણોમાંથી પ્રેરણા લે છે.

ભાજપ હનુમાનજીની જેમ કામ કરે છેઃ ‘હનુમાનજી બધું જ કરી શકે છે, દરેક માટે કરે છે, પરંતુ પોતાના માટે કંઈ કરતા નથી. આ ભાજપની પ્રેરણા છે. જ્યારે હનુમાનજીને રાક્ષસોનો સામનો કરવો પડ્યો ત્યારે તેઓ કઠોર બની ગયા. જ્યારે ભ્રષ્ટાચાર, પરિવારવાદ, કાયદો અને વ્યવસ્થાની વાત આવે છે, ત્યારે ભાજપ મા ભારતીને મુક્ત કરવા માટે સમાન રીતે સંકલ્પબદ્ધ બને છે.

ભાજપ પણ ‘કેન ડુ‘ એટિટ્યુડ જેવો પ્રયાસ કરે છેઃ જો આપણે હનુમાનજીના સમગ્ર જીવન પર નજર કરીએ તો, દરેક પ્રકારની સફળતામાં તેમની અંદર કેન ડુ વલણ અને નિશ્ચય શક્તિનો મોટો ભાગ છે. દુનિયામાં કયું કામ મુશ્કેલ છે, જે તમારાથી થતું નથી. એવું કોઈ કામ નથી જે હનુમાન ન કરી શકે. લક્ષ્મણ જ્યારે મુશ્કેલીમાં હતા ત્યારે હનુમાન સંજીવની પર્વત લઈને આવ્યા હતા. જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે ભાજપ પણ આવા પ્રયાસો કરતું આવ્યું છે, કરતો રહેશે. રામ કાજ કિન્હે બિનુ મોહી, કહાં વિશ્રામ.

વડાપ્રધાને કહ્યું હતું કે ઘણા લોકો ભાજપનું કામ પચાવી શક્યા નથીઃ ‘જ્યારે તેઓ અમારી મજાક ઉડાવીને સફળ ન થયા ત્યારે સામ્રાજ્યવાદી માનસિકતા ધરાવતા લોકોમાં નફરત વધી ગઈ. દાયકાઓથી હિંસાનો સામનો કરી રહેલા કાશ્મીર અને નોર્થ ઈસ્ટમાં શાંતિનો સૂરજ ઊગશે એવું તેણે વિચાર્યું ન હતું. તેમણે કલ્પના પણ નહોતી કરી કે કલમ ૩૭૦ ઈતિહાસ બની જશે.

જે કામો દાયકાઓથી થયાં ન હતાં, તે ભાજપ કેવી રીતે કરી રહી છે, તે પચતું નથી.તેમણે કહ્યું કે હેબતાઈ ગયેલા લોકો કહી રહ્યા છે- મોદીની કબર ખોદાશેઃ ‘નફરતથી ભરેલા આ લોકો જૂઠું બોલી રહ્યા છે. તેમનાં ભ્રષ્ટ કાર્યોને ખુલ્લાં જોઈને તેઓ બેચેન અને નિરાશાથી ભરાઈ જાય છે. તેથી તેઓ ખુલ્લેઆમ કહી રહ્યા છે કે મોદીની કબર ખોદાશે. તેઓ કબરો ખોદવાની ધમકી આપી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે સામ્રાજ્યવાદી માનસિકતા ધરાવતા આ લોકો અને પક્ષો એક વાત જાણતા નથી. આજે દેશના ગરીબો, સામાન્ય માણસો, યુવાનો, માતાઓ-બહેનો, શોષિત-વંચિતો દરેક ભાજપના કમળને બચાવવા ઢાલ બનીને ઊભા છે. પરંતુ અમારો ભાર વિકાસ, દેશવાસીઓના કલ્યાણ પર છે. હું આંકડાઓ આપતો રહું છું. હું ૧૫-૨૦ની વાત કહું છું. જ્જી પછી એક જ નાણાકીય વર્ષમાં ૧૮ લાખ કરોડ રૂપિયાનું કલેક્શન, ૧૬ લાખ કરોડનો ટેક્સ ચૂકવવામાં આવ્યો, યુપીઆઇ દ્વારા ૧૪ લાખ કરોડના ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ નોંધાયો, નિકાસ ૭૫૦ અબજને પાર, ૧૬ હજાર કરોડની સંરક્ષણ નિકાસ, રેલવે નૂર ૧૫૦૦ મેટ્રિક ટનથી વધુ લોડિંગ. આ રેકોર્ડ દર્શાવે છે કે દેશ કેટલી ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે. હું એક શ્વાસમાં બને એટલું બોલી ગયો.

વધુ પડતા આત્મવિશ્વાસનો શિકાર ન બનોઃ ભાજપને ૨૧મી સદીના ભવિષ્યનો પક્ષ બનાવવો પડશે. વધુ પડતા આત્મવિશ્વાસનો શિકાર ન બનો. લોકો પહેલેથી જ કહી રહ્યા છે કે ૨૦૨૪માં ભાજપને કોઈ હરાવી શકશે નહીં. આ વાત સાચી છે, પરંતુ ભાજપના કાર્યકર તરીકે આપણે દરેક નાગરિકના દિલ જીતવાના છે. દરેક ચૂંટણી એ જ ખંતથી લડવાની હોય છે જે રીતે આપણે ૮૦ના દાયકાથી લડતા આવ્યા છીએ.

આ પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ સવારે દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટર ખાતે પાર્ટીનો ધ્વજ ફરકાવ્યો હતો. લખનૌમાં પણ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પાર્ટી કાર્યાલય પર ધ્વજ ફરકાવ્યો હતો.

ભાજપ ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતી આજથી ૧૪ એપ્રિલ સુધી વિશેષ સપ્તાહ તરીકે ઊજવશે. પાર્ટીએ કાર્યકર્તાઓને કહ્યું છે કે, ‘૧૧ એપ્રિલે સમાજ સુધારક જ્યોતિ બા ફૂલેની જન્મજયંતી અને ૧૪ એપ્રિલે તમામ બૂથ, મંડલ, જિલ્લા અને રાજ્ય કાર્યાલય પર ડૉ. આંબેડકરની જન્મજયંતીની ઉજવણી કરો. તેમના ફોટા પર પુષ્પાંજલિ અર્પણ કરીને સ્વચ્છતા અભિયાન શરૂ કરવું જોઈએ. મોદી સરકારે અનુસૂચિત સમાજના કલ્યાણ માટે કરેલાં કાર્યોની ચર્ચા પણ કરો.

## જો પત્ની શિક્ષિત અને નોકરી મેળવવા સક્ષમ હોય તો પતિએ ભથ્થું આપવાની જરૂર નથીઃ ઘરેલું હિંસાના કેસમાં કોર્ટનો નિર્ણય

મુંબઇ,તા.૬

અહીંની એક અદાલતે ઘરેલું હિંસા અધિનિયમ હેઠળ વચગાળાના ભરણપોષણ માટેની મહિલાની અરજીને ફગાવી દીધી છે અને કહ્યું છે કે તે સુશિક્ષિત છે અને આવકના સ્રોત શોધવા માટે સક્ષમ છે. ભરણપોષણની મંજૂરી આપવાથી પતિ પર નિર્ભરતાને પ્રોત્સાહન મળશે. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સ્વયં-સિદ્ધ ત્રિપાઠી એક્ટ હેઠળ દર મહિને રૂ. ૫૦,૦૦૦ વચગાળાના ભરણપોષણની માંગ કરતી અરજી પર સુનાવણી કરી રહ્યા હતા.

ન્યાયાધીશે કહ્યું કે, ‘ફરિયાદી (પત્ની) સારી રીતે શિક્ષિત છે અને પોતાના માટે આવકનો સ્રોત શોધવામાં સક્ષમ છે, આવી સ્થિતિમાં ભરણપોષણની છૂટ આપવાથી માત્ર આળસ અને પતિ પર નિર્ભરતાને પ્રોત્સાહન મળશે.’ તેથી, હું તેની કમાણી ક્ષમતાને ધ્યાનમાં રાખીને કોઈ કમાણી ચૂકવવા માટે તૈયાર નથી.

કોર્ટે કહ્યું કે પતિની આવક અને બહેતર જીવનશૈલીને સાબિત કરવાને બદલે પત્નીએ એ બતાવવું પડશે કે તે તેના ખર્ચાઓ, જીવન જીવવા અને મૂળભૂત જરૂરિયાતો પણ પૂરી કરવામાં અસમર્થ છે અને તેને એકલી છોડી દેવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ‘ફરિયાદીએ સાબિત કરવું પડશે કે કાં તો તેણી કમાણી કરતી નથી અથવા તેણીની આવક જીવનધોરણને જાળવી રાખવા માટે પૂરતી નથી જે તેણીને તેના સાસરિયામાં ઉપલબ્ધ હતી.’ કોર્ટે અવલોકન કર્યું કે હાલના કેસમાં પત્ની એમબીએ છે અને તેના પતિ જેટલી જ લાયકાત ધરાવે છે. જેમાં એમ પણ જણાવ્યું હતું કે, પતિ જેઓ ડોક્ટર છે તે હાલમાં બેરોજગાર છે.

બીજી તરફ, આના થોડા દિવસો પહેલાં એક કેસની સુનાવણી દરમિયાન પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે કહ્યું હતું કે પતિ ભીખ માંગે તો પણ તેણે પત્નીને ભરણપોષણ આપવું પડશે. આ તેની નૈતિક અને કાનૂની જવાબદારી છે.

હકીકતમાં, હાઈકોર્ટ ચરખી દાદરી ફેમિલી કોર્ટના નિર્ણય પર સુનાવણી કરી રહી હતી, જેમાં પતિને પત્નીને દર મહિને ૫,૦૦૦ રૂપિયા ભરણપોષણ તરીકે ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

## સત્યેન્દ્ર જૈનને ઝટકોઃ મની લોન્ડરિંગ મામલે દિલ્હી હાઈકોર્ટે જામીન અરજી ફગાવી

નવીદિલ્હી,તા.૫

દિલ્હી હાઈકોર્ટે મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના પૂર્વ કેબિનેટ મંત્રી સત્યેન્દ્ર જૈનની જામીન અરજી ફગાવી દીધી છે. કોર્ટે આ કેસમાં સહ આરોપી વૈભવ જૈન અને અંકુશ જૈનની જામીન અરજી પણ ફગાવી દીધી છે. આ મામલે ઈઙ્ઢ દ્વારા ગત વર્ષે ૩૦ મેના રોજ સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરવામાં આવી હતી.

૨૧ માર્ચે હાઈકોર્ટે તપાસ એજન્સી અને AAP નેતાના વકીલની દલીલો સાંભળ્યા પછી જામીન અરજી પર પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. સત્યેન્દ્ર જૈને અગાઉ કોર્ટને કહ્યું હતું કે, તેમની સામે કોઈ કેસ નથી બનતો અને તેઓ તપાસમાં સહકાર આપી રહ્યા છે. જૈને એવી પણ દલીલ કરી હતી કે આ કેસમાં ચાર્જશીટ દાખલ થયા બાદ તેને જેલમાં રાખવાની જરૂર નથી.

આપ નેતાએ ગયા વર્ષે ૧૭ નવેમ્બરે નીચલી અદાલતના આદેશને પડકાર્યો હતો. નીચલી અદાલતે આ આધાર પર જામીનનો ઈનકાર કર્યો હતો કે, આ ગુનામાં જૈનની સંડોવણીના પ્રથમદર્શી પુરાવા છે. સત્યેન્દ્ર જૈન ઉપરાંત નીચલી અદાલતે સહઆરોપી વૈભવ જૈન અને અંકુશ જૈનની જામીન અરજી પણ ફગાવી દીધી હતી.

કોર્ટે કહ્યું કે, જૈને જાણીજોઈને ગુનો છુપાવ્યો હતો અને તે મની લોન્ડરિંગ માટે પ્રથમ દ્રષ્ટીએ દોષિત લાગે છે. હાઈકોર્ટે વૈભવ જૈન અને અંકુશ જૈનની જામીન અરજી પર પણ ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.

## મુંબઈમાં કોકેઈનની દાણચોરી કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ, ૨૦ કરોડનું ડ્રગ્સ મળ્યું

મુંબઇ,તા.૬

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાંથી કોકેઈનની દાણચોરી કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ થયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે મુંબઈ એરપોર્ટ પર કરવામાં આવેલી કાર્યવાહીમાં લગભગ ૧૯૭૦ ગ્રામ કોકેઈન જપ્ત કર્યું હતુ. આંતરરાષ્ટ્રીય બજારમાં આટલા જથ્થાની બજાર કિંમત આશરે ૨૦ કરોડ રૂપિયા છે. આ મામલામાં એક આફ્રિકન વ્યક્તિ સહિત કુલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ડીઆરઆઈ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ૩૫ વર્ષીય આરોપી અદીસ અબાબાથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યો હતો. આ આરોપી તેની બેગમાં ૧૯૭૦ ગ્રામ કોકેઈન છુપાવીને લાવ્યો હતો. ડીઆરઆઇ અધિકારીઓને આ મુસાફર પર શંકા હતી. આ પછી, તેના પર નજર રાખવામાં આવી અને સંપૂર્ણ પ્લાનિંગ સાથે તેને પકડીને ધરપકડ કરવામાં આવી.

સંબંધિત આરોપી મુંબઈ એરપોર્ટ પર તેના સાથીદારને આ કોકેઈન આપવાનો હતો. આરોપી તેના સહયોગીની મદદથી તેના ડ્રગના કન્સાઈનમેન્ટને મુંબઈથી દેશના અન્ય ભાગોમાં ફેલાયેલા નેટવર્કમાં પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ યોજના સફળ થાય તે પહેલા જ ડીઆરઆઈના અધિકારીઓની કાર્યવાહીથી તેનો પર્દાફાશ થયો હતો અને ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.આ ઈનપુટ મળ્યા બાદ ડીઆરઆઈના અધિકારીઓએ છટકું ગોઠવીને કુલ ત્રણ આરોપીઓને પકડ્યા હતા. આ આરોપીઓમાંથી એક આફ્રિકન નાગરિક છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે અને તે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.વિગતવાર સમાચાર એવા છે કે ૩૫ વર્ષીય આરોપી અદીસ અબાબાથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યો હતો. તેની પાસે ડ્રગ્સનું મોટું કન્સાઈનમેન્ટ છે, ડીઆરઆઈના અધિકારીઓને તેના ઈનપુટ મળ્યા હતા.

## ઉત્તરકાશીમાં ભૂકંપના જોરદાર આંચકા, રિક્ટર સ્કેલ પર ૫.૪ની તીવ્રતા

દહેરાદુન,તા.૬

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ગુરુવારે સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા.

મળતી માહિતી મુજબ રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૪ નોંધાઈ હતી. હાલમાં કોઈ જાનહાની કે જાનમાલના નુકસાનની કોઈ માહિતી નથી, પરંતુ ભૂકંપના જોરદાર આંચકાને કારણે લોકો ભયભીત થઈ ગયા હતા અને ઘરની બહાર નીકળી ગયા હતા.

ઉત્તરકાશી, પિથોરાગઢ, ચમોલી અને બાગેશ્વર એ ઉત્તરાખંડના જિલ્લા છે જ્યાં વારંવાર ભૂકંપ આવે છે. છેલ્લા ૧ વર્ષમાં ઉત્તરકાશી જિલ્લામાં લોકોએ ઘણી વખત ભૂકંપના આંચકા અનુભવ્યા છે.

આ પહેલા ૨૧ માર્ચે રાજયના ચમોલી, દેહરાદૂન, મસૂરી, ઉત્તરકાશી, રૂરકી, ચમોલી અને હરિદ્વારમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૬ માપવામાં આવી હતી. ઉત્તરાખંડના લોકોએ અનેક વખત ભૂકંપના કારણે તબાહીનો સામનો કરવો પડ્યો છે. આ તબાહીમાં અનેક લોકો બેઘર બન્યા હતા.

ભારતમાં એવા ઘણા રાજ્યો છે જે ભૂકંપની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે. ઉત્તરાખંડ પણ તેમાંથી એક છે. ઉત્તરાખંડમાં વારંવાર ભૂકંપના આંચકા આવતા રહે છે.

ઉત્તરાખંડ રાજ્ય સિસ્મેક ઝોન પાંચની શ્રેણીમાં આવે છે. રાજ્યના ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, કપકોટ, ચમોલી અને કુમાઉના મુનશિયારી વિસ્તારો ભૂકંપની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ છે. આ તમામ વિસ્તારોમાં ઉત્તરકાશીને ભૂકંપની દૃષ્ટિએ સૌથી સંવેદનશીલ વિસ્તાર માનવામાં આવે છે.

એ યાદ રહે કે ગઈકાલ બુધવારે, અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

અમરેલી સાવરકુંડલાના મીતીયાળા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ફરી ભૂકંપના આચકા અનુભવાયા હતા. જેમાં સાવરકુંડલાના મીતીયાળા, સાકરપરા, ધજડી અને ખાંભા ગીર વિસ્તારનાં નાની ધારી, વાંકીયા, ભાડ, નાના વિસાવદર, ઈંગોરાળા ગામમાં આંચકા અનુભવાયા હતા. ૨.૪ ની તીવ્રતાનો આવ્યો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જ્યારે ભૂકંપનું કેન્દ્ર બિંદુ મીતીયાળાથી ૬ કિલોમીટર દૂર નોંધાયું હતું.

## પશ્ચિમ યુપીમાં કોરોનાની સંખ્યા વધી, ગૌતમ બુદ્ધ નગર બાદ ગાઝિયાબાદ, મેરઠમાં પણ દર્દીઓની સંખ્યા વધી

મેરઠ,તા.૬

દિલ્હીને અડીને આવેલા પશ્ચિમ યુપીમાં કોરોનાના કેસમાં વધારો થયો છે. મેરઠ, બાગપત, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં દરરોજ કોવિડના કેસ જોવા મળી રહ્યા છે. દરમિયાન, પશ્ચિમ યુપીના ગૌતમ બુદ્ધ નગરમાં સૌથી વધુ કોરોના કેસ મળી આવ્યા છે. ડિવિઝનલ સર્વેલન્સ ઓફિસર ડૉ. અશોક તાલિયાને કહ્યું કે, દિલ્હીની નજીક હોવાને કારણે ગૌતમ બુદ્ધ નગર અને ગાઝિયાબાદમાં કોરોનાના કેસમાં વધારો થયો છે. જોકે કોરોનાના દર્દીઓ સતત સાજા થઈ રહ્યા છે.

ડિવિઝનલ સર્વેલન્સ ઓફિસર ડૉ. અશોક તાલિયાન કહે છે કે છેલ્લા બે અઠવાડિયાથી દેશભરમાં કોવિડના કેસમાં વધારો થયો છે. ભારત સરકારે એક માર્ગદર્શિકા પણ બહાર પાડી છે. મેરઠ ડિવિઝન કારણ કે તે દિલ્હીને અડીને આવેલ એનસીઆરનો વિસ્તાર છે.

મેરઠ ડિવિઝનના બે જિલ્લામાં કોરોના દર્દીઓની સંખ્યા ત્રણ આંકડામાં છે, પરંતુ ચિંતાની કોઈ વાત નથી. તેમનું કહેવું છે કે, ભલે કેસ વધ્યા છે, પરંતુ મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. કોરોના પ્રોટોકોલનું પાલન કરવું ખૂબ જ જરૂરી છે. ડો. અશોક તાલિયાના કહે છે કે, ગાઝિયાબાદમાં નોઈડા કરતા ઓછા કોરોના કેસ છે.

## તંત્રી સ્થાનેથી...

# પશ્ચિમી દેશોને ભારતને ઉપદેશ આપવાની ચળ

*રાહુલ ગાંધીની સંસદ સદસ્યતા રદ્દ થતાં અમેરિકી વિદેશ વિભાગના ઉપ-પ્રવક્તા વેદાંત પટેલ અને ત્યારબાદ જર્મન વિદેશ મંત્રાલયનાં પ્રવક્તાએ કહ્યું કે આ મુદ્દે તેમની નજર છે. અસલમાં આ બંને દેશોએ રાહુલ ગાંધીના મુદ્દા પર પોતાની ટિપ્પણીઓથી ભારતમાં લોકતંત્ર અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને લઈને પોતાની ચિંતા પર મોં પણ ખોલ્યું અને સીધી ટીકાથી પણ બચ્યા. આના પહેલાં રાહુલ ગાંધીએ બ્રિટનમાં પોતાના ભાષણોમાં પશ્ચિમી લોકતાંત્રિક દેશોને સવાલ કર્યો હતો કે તેઓ ભારતના ઘટનાક્રમ પર ચૂપ કેમ છે? આ ટિપ્પણીઓ પર ચર્ચા વચ્ચે જ સમાચાર મળ્યા કે ન્યૂયોર્કમાં મેનહટ્ટન જિલ્લાની ગ્રાન્ડ જ્યુરી કે મહાપંચાયતે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર પોર્નસ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને વિવાહેતર સંબંધો પર મોં બંધ રાખવા માટે ૧,૩૦,૦૦૦ ડોલરની લાંચ આપવાનો અપરાધિક આરોપ લગાવવાનો ચુકાદો આપ્યો હતો. આરોપ લગાવવા માટે મહાપંચાયત બેસાડનારા જિલ્લા એટર્ની એલવિન બ્રેગે ટ્રમ્પને મંગળવારે મેનહટ્ટનની અદાલતમાં રજૂ થવાના આદેશ જારી કર્યા છે, જેના પાલન માટે ટ્રમ્પે એક સામાન્ય અપરાધીની જેમ સમર્પણ કરવું પડશે અને ફોટો ખેંચાવવા અને આંગળીઓના નિશાન આપવા પડશે. અમેરિકાના ઈતિહાસમાં ટ્રમ્પ એવા પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ હશે, જેમની ધરપકડ કરીને કઠેરામાં ઊભા કરાશે. આખી દુનિયા આ તમાશો જોશે. ટ્રમ્પે એટર્ની બ્રેગને અશ્વેત નસલવાદી ગણાવતાં કહ્યું કે એમના પર રાજકીય અત્યાચાર કરાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે તેમને ન્યાયની આશા નથી. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના નેતાઓ અને સમર્થકોમાં ભારે રોષ છે. તેઓ બાઈડન સરકાર પર ચૂંટણી પ્રક્રિયાને બંધક બનાવવા, અભિવ્યક્તિ સ્વતંત્રતાનું ગળું ઘોંટવા અને લોકતંત્રની હત્યા કરવાના આરોપ લગાવી રહ્યા છે.*

*આના પહેલાં ટ્રમ્પને વ્યાવસાયિક ખાતામાં ગરબડના દોષી ઠેરવી ચૂકાયા છે, તેમાં ૧૬ લાખ ડોલર દંડ ઉપરાંત મુખઅય નાણાંકીય અધિકારીને પાંચ મહિનાની જેલ થઈ ચૂકી છે. એક અન્ય દીવાની ખટલામાં ટ્રમ્પ પરિવાર પર ષડયંત્ર અને સંપત્તિને વધારીને દેખાડવાના એવા જ આરોપ લાગ્યા છે, જેવા ભારતમાં અદાણી સમૂહ પર લગાવવાની કોશિશ થઈ રહી છે. ટ્રમ્પ પરિવારથી ૨૫ કરોડ ડોલરનું વળતર માંગવામાં આવી રહ્યું છે. અમેરિકી સંસદ ભવન પર ૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ હુમલા માટે ઉશ્કેરવાના આરોપમાં સંસદીય સમિતી દોઢ વર્ષ લાંબી સુનાવણી કરી ચૂકી છે અને હવે ન્યાય વિભાગ પોતાની અપરાધિક તપાસમાં પડ્યું છે જે રહસ્યના પડદામાં છે. જ્યોર્જિયા રાજ્યમાં થયેલ આકરી ટક્કરવાળા મુકાબલામાં પોતાની હારને જીતમાં બદલવા માટે રાજ્યના ચૂંટણી અધિકારી સાથે ફોન પર ટ્રમ્પની એક કલાક વાતચીતની અપરાધિક તપાસ બાદ પણ એક મહાપંચાયત બેસાડવામાં આવી હતી, જેનો ફેંસલો હજુ સીલબંધ છે. જો આ મામલે આરોપ લાગ્યા અને સાબિત થયા તો જેલ પણ થઈ શકે છે. તે ઉપરાંત ન્યાય વિભાગ ટ્રમ્પના ફ્લોરિડા સ્થિત આવાસથી મળી આવેલ અતિ ગોપનીય દસ્તાવેજોના કેસની અપરાધિક તપાસ પણ કરી રહ્યો છે.*

## રાહુલે અદાણીનો આગ્રહ ન રાખવો જોઈએ; રેલી પહેલા જ કર્ણાટક કોંગ્રેસના નેતાઓ ટેન્શનમાં ?

બેંગ્લુરૂ,તા.૬

કર્ણાટક વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે અને ૧૦મી મેના રોજ મતદાન છે. આ રીતે રાજ્યમાં ચૂંટણીને આડે માત્ર એક મહિનો બાકી છે અને રાહુલ ગાંધી પણ સક્રિય જોવા મળી રહ્યા છે.

તેઓ ૧૦મી એપ્રિલે કોલારમાં રેલી કરવાના છે. આ સ્થાન એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે ૨૦૧૯માં તેમણે અહીંની એક રેલીમાં મોદી સરનેમ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેના પર તેમની સામે માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને તેમને બે વર્ષની સજા કરવામાં આવી હતી. રાહુલ ગાંધી હજુ પણ મોદી સરકાર સામે આક્રમક છે અને અદાણીના મુદ્દે પણ સતત બોલી રહ્યા છે.

જો કે કોંગ્રેસ માટે મુશ્કેલી એ છે કે ખુદ પાર્ટીના કેટલાક નેતાઓ રાહુલ ગાંધીની રણનીતિ સાથે સહમત નથી. પાર્ટીના કેટલાક નેતાઓનું કહેવું છે કે અદાણીનો મુદ્દો કર્ણાટકની ચૂંટણીમાં મદદ કરશે નહીં. આ નેતાઓનું કહેવું છે કે અદાણીનો મુદ્દો એક-બે વાર ઉઠાવવો એ ઠીક છે, પરંતુ તેનું પાલન થઈ શકે નહીં. ન્યૂઝ૧૮ના અહેવાલ મુજબ, કોંગ્રેસના કેટલાક નેતાઓનું માનવું છે કે રાહુલ ગાંધીએ કોલારથી પોતાની યાત્રા શરૂ કરવી જોઈએ નહીં. આ નેતાઓનું કહેવું છે કે કર્ણાટક ચૂંટણીમાં હાલમાં બેકફૂટ પર રહેલી ભાજપને આનાથી એક મુદ્દો મળી શકે છે.

વાસ્તવમાં કોંગ્રેસના નેતાઓની ચિંતા એ છે કે રાહુલ ગાંધી કોલારમાં સુરત કોર્ટના નિર્ણય અંગે વાત કરી શકે છે. આ સિવાય નરેન્દ્ર મોદી સાથે ગૌતમ અદાણીના સંબંધોને લઈને પીએમ આક્રમક થઈ શકે છે. તેના પર કર્ણાટક કોંગ્રેસના નેતાઓનું માનવું છે કે આ મુદ્દાઓ પાર્ટીને ચૂંટણીમાં વધુ મદદ કરશે નહીં. તેના બદલે, સ્થાનિક મુદ્દાઓ અને ભાજપ સરકાર પર ભ્રષ્ટાચારના આક્ષેપો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ નેતાઓનું કહેવું છે કે અમે રાહુલ ગાંધીની ટીમને અદાણીનો મુદ્દો ન ઉઠાવવાની સલાહ આપી છે. વાસ્તવમાં અહીં સૌથી મોટો મુદ્દો બોમાઈ સરકારનો ભ્રષ્ટાચાર છે.

પીળા ફૂલોથી લચેલો છે ગરમાળો,
કોઈ પ્રતાપી સુબો છે છોગાળો.
કાયમ રઘવાટ લાગે છે ઊતાવળો,
રૂઆબદાર છડીદાર છે ઊનાળો.
લીલા પાનથી લાગે છે રૂડો રૂપાળો
પીળા ફૂલોથી લાગે છે ભમરાળો.
ૠષિની છૂટી જટા જેવી રહી ડાળો,
કેશવાળીથી લાગે જોગી જોટાળો.
ઘટનાઓ તો કરોળિયાની જાળો,
ફરી ખીલશે ફરી ગરવો ગરમાળો.
ભરત વૈષ્ણવ
૬.૪.૨૦૨૩#કાવ્ય

# મહારાજા સાગરના પુત્રો આધારકાર્ડ કઢાવવા જાય તો આ અવળચંડું તંત્ર સાગર કા સાંઠ હજારના લડકા એવું લખી મારે!!

"રાજુ. તારી પાસે આધાર કાર્ડ છે?" મેં રાજુને પૂછ્યું.

"ગિરધરભાઈ. મારી પાસે નિરાધાર કાર્ડ પણ છે." રાજુએ અન્ડર આર્મ બોલ ફેંક્યો.

"રાજુ. તારા આધાર કાર્ડમાં તારું નામ શું લખ્યું છે? મેં બીજો બાઉન્સર ફેંકયો!!

" રામા નાથાનો ત્રીજો છોકરો" રાજુએ જવાબ આપ્યો.

"રાજુ. તને શાળામાં દાખલ થવામાં કોઈ તકલીફ ન થઈ?" મેં નવો મોરચો ખોલ્યો.

" ગિરધરભાઈ. નાનકડા ગામડાગામમાં બધા એક બીજાને જાણતા હોય. એટલે રામા નાથાનો ત્રીજો છોકરો એટલે રાજુ ખબર હોય. એટલે શાળામાં દાખલ થવામાં વાંધો કયાંથી આવે ??" રાજુએ પરિસ્થિતિ બયાન કરી!!

કેન્દ્ર અને રાજ્ય સરકારની જુદી જુદી યોજનાઓ અને અન્ય સરકારી કામો માટે ફરજીયાત બનેલા આધારકાર્ડમાં પણ હવે ગરબડ ગોટાળા બહાર આવવા લાગ્યા છે, સામાન્ય રીતે કોઈપણ નાગરિકને ઈશ્યુ થતા આધારકાર્ડમાં એક યુનિક આઈડેન્ટિટી નંબર આપવામાં આવે છે પરંતુ હળવદ તાલુકાના નવા ધનાળા ગામે બે વ્યક્તિને એક જ આઈડેન્ટિટી નંબરથી આધારકાર્ડ ઈશ્યુ થતા આશ્ચર્ય સર્જાયું છે અને આધારકાર્ડ સિસ્ટમ સામે પ્રશ્નાર્થ ખડા થયા છે.

સુરતમાં પાંડેસરામાં આધારકાર્ડમાં છબરડા મામલે ૩ લોકો વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. વિશ્વાસઘાતનો ગુનો નોંધીને આ મામલે તપાસ હાથ ધરી છે. આરોપીઓ સરકારની કોઈ એજેન્સીનાં તેમજ સિન્ટીકેટ બેંકનાં ઓપરેટર ન હોવા છતાં પોતાની પાસે આધારકાર્ડ તેઓ અપડેટ કરતાં હતાં. કોઈ રજીસ્ટ્રેશન પણ ન હોવાં છતાં તેણે પ્રશાંત મનસુખભાઈ મોરવાડીયા નામનાં વ્યક્તિનાં અંગુઠાનો રબર સ્ટેમ્પ બનાવીને તેનો ઉપયોગ કરી ખોટી રીતે લોકોનાં આધાર કાર્ડ ઓનલાઈન અપડેટ કરી આધારકાર્ડ બનાવતાં હતાં.

વડોદરાના એક યુવકના આધાર કાર્ડ પર અન્ય વ્યક્તિએ વેક્સિન(દૃક્ષ્ઙૈહી) લઈ લીધી છે.જયેશ ભાઈ જ્યારે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવા માટે ગયા ત્યારે આ વાતનો ખુલાસો થયો છે. છેલ્લા ઘણા સમયથી આ પ્રકારના છબરડા સામે આવી રહ્યાં છે.

સુરેન્દ્રનગરમાં પુત્રના શાળા પ્રવેશ અને શિષ્યવૃત્તિ માટે આધારકાર્ડ કઢાવવા ગયેલ વ્યકિતના પુત્રપિતાના સંબંધો સ્વ. જશપાલ ભટીના શોની માફક ઉલ્ટાપુલ્ટા કરી નાંખવામાંઆવ્યા હતા.

મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લામાં પોલીસે એક વ્યકિતને પોતાના કૂતરાનું આધાર કાર્ડ બનાવવાના આરોપમાં ગુરુવારે (૩૦ ઓગસ્ટ)ના ધરપકડ કરી. એક રિપોર્ટ અનુસાર, ભિંડના ઉમરી સ્થિતિ એક આધાર પંજીકરણ એજન્સીની મદદથી ટૉમી સિંહ નામના કૂતરાનું આધાર કાર્ડ બનાવવામાં આવ્યુ છે. આધાર કાર્ડ પર ટૉમી સિંહના પિતાનું નામ શેરૂ સિંહ લખવામાં આવ્યુ છે. ટૉમી સિંહની બર્થ ડેટ ૨૬ નવેમ્બર ૨૦૦૯ છે

સેલીબ્રીટી, ગાય,બકરા અને હનુમાનજીના નામના આધાર કાર્ડ બની ગયા છે. કોઈ શાયરે સાચું જ કહ્યું છે તારા બનાવનારા તને ( બેવકૂફ)બનાવે છે!

આધાર કાર્ડ સાથે જોડાયેલો એક રસપ્રદ કિસ્સો સામે આવ્યો છે. ગત એક વર્ષથી રાજૂના નામે ૫ કિલો સરકારી રાસન લેવામાં આવી રહ્યું છે. પરંતુ જ્યારે માલિક પાસે રાજૂનું આધારકાર્ડ માંગવામાં આવ્યું તો માલિકે કહ્યું કે, તેનું આધારકાર્ડ નથી. ત્યારબાદ વધારે દબાણ કરવામાં આવતા ખબર પડી કે, રાજૂના નામ પર રાશન કાર્ડ બન્યું છે, તે માણસ નથી કૂતરૂ છે. માલિકે સંબંધવાળી કોલમમાં દીકરો લખાવ્યું હતું.સરકારની માનરેગા યોજનામાં મજૂરોને તેના માનરેગા કાર્ડ આપવામાં આવે છે જેમાં મજૂરની વિગત મુકાયેલી હોય છે અને તેના ફોટાના આધારે અને વિગતોના આધારે તેને ચૂકવણું થતું હોય છે, આવા જ એક માનરેગાના કાર્ડમાં મજૂરનાં ફોટાની જગ્યાએ ફિલ્મ અભિનેત્રી દિપીકા પાદુકોણનો ફોટો જોવા મળે છે.

સોશિયલ મિડિયામાં આ કાર્ડનો ફોટો ખૂબ વાયરલ થયેલો જોવા મળે છે, જઆ કાર્ડ મધ્યપ્રદેશના ખનગોળ જિલ્લાનું હોવાનું સામે આવ્યું છે. આ સેલિબ્રિટી કાર્ડ ઉપર મજૂરીની ચુકવણી પણ થયેલી છે.આથી જ આ વાતથી આ કાર્ડ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયું છે.

ઉત્તરપ્રદેશમાં આધારકાર્ડને લઈને અનોખો મામલો સામે આવ્યો છે તમે આધારકાર્ડમાં કોઈ વ્યક્તિનું નામ જોયું હશે અટક જોઈ હશે જન્મ તારીખ જોઈ હશે પરંતુ તેનાથી અલગ આ બાળકીના આધારકાર્ડમાં જોવા મળ્યું અત્યારે જે સોસીયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યું છે અહીં નામની જગ્યાએ એવું લખી દીધું કે જાણીને તમને સો ટકા હસવું છૂટી જશે. અહીં એક બાળકીના આધારકાર્ડમાં આધારકાર્ડ વાળાએ નામની જગ્યાએ મધુનું પાંચમુ બાળક લખી દીધું પરંતુ આ વાતની તેના માતા પિતાને ન પડી પરંતુ જયારે મધુબહેન પતિ દિનેશ સાથે બાળકીનું એડમિશન કરાવવા સ્કૂલમાં પહોંચી ત્યારે એમને ખબર ન પડી કે આધારકાર્ડમાં ભૂલ છે.જયારે સ્કૂલમાં.બાળકીને એડમિશન આપવાની ચોખ્ખી ના પાડી દીધી તેના બાદ આ આધારકાર્ડ વાયરલ થઈને ચર્ચાઓ વિષય બનેલ છે જણાવી દઈએ મધુ અને એમના પતિ દિનેશ બાળકીનું એડમિશન કરાવવા ગામમાં જન સ્કૂલમાં એડમિશન કરવવા ગયા હતા ત્યારે મેડમે એમને આધારકાર્ડ માંગ્યું ત્યારે જોઈને શિક્ષિકા હેરાન રહી ગઈ.ધૃતરાષ્ટ્ર અને ગાંધારી પુત્ર સુયોધન આધાર કાર્ડ કઢાવવા જાય તો તંત્ર આધાર કાર્ડમાં ગાંધારી કા સોવા લડકા લખીને કાર્ડ ઈસ્યુ કરે. મહારાજા સાગરના પુત્રો આધારકાર્ડ કઢાવવા જાય તો આ અવળચંડું તંત્ર સાગર કા સાંઠ હજારના લડકા એવું લખી મારે!!

ભરત વૈષ્ણવ...૬.૪.૨૦૨૩#

# સુપ્રીમ કોર્ટના કૌટુંબિક વિખવાદનો ઉકેલ લાવતા નામદાર ન્યાયમૂર્તિ શ્રી દવે સાહેબ ની અમૂલ્ય અને ઉપયોગી અમલમાં મુકવા જેવી સલાહ

૧..... ક્યારેય તમારા પુત્ર અને પુત્રવધૂ ને તમારી સાથે રાખવા ઉત્સુક ન બનો. તેમને પોતાની રીતે પોતાનું ઘર લઈ જુદા રહેવા સમજાવો. એમ કરવાથી પુત્ર સાથે અને તેના સાસરિયા સાથે સારા સંબંધો રહે છે અને પુત્ર ને પોતાનું ઘર પોતે જ બનાવવાની જવાબદારી પણ છે, તે હકીકત નું ભાન થાય છે.

૨.... તમારી પુત્રવધૂ ને પુત્રવધૂ જ માનો દીકરી નહીં.

તેને તમારી મિત્ર માનો. તમે તમારા પુત્ર ને જે રીતે ગણો છો એ રીતે પુત્રવધૂ ને ન ગણી શકાય, કારણ કે તમે ક્યારેક જો કોઈ વાતે વઢશો કે ઠપકો આપશો તો એ જીંદગીમાં ક્યારેય નહીં ભુલે, કારણ કે તે એવું દૃઢ રીતે માનતી હોય છે કે તેને સુધારવાનો કે વઢવાનો હક ફક્ત ને ફક્ત તેની મા નો છે તમારો નહીં.

૩..... તમારો પુત્ર હવે પરણેલો અને વયસ્ક છે અને પોતાનું સારું-નરસુ સમજે છે, એટલે તેની પત્નીના ચારિત્ર્ય ની અને તેની આદતો ને જોવાની જવાબદારી તેની છે, તમારી નહીં. એ યાદ રાખો.

૪.....જયારે તમે સાથે રહેતા હો ત્યારે પણ એકબીજાની જવાબદારી ફોડ પાડી સમજાવી દેવી.

જ્યાં સુધી તમને તમારી પુત્રવધૂ પ્રેમથી વિનંતી ન કરે ત્યાં સુધી રોજીંદા જીવનમાં તેમના છોકરા સાચવવા કે કપડાં ધોવાથી લઈને કોઈ કામ જો તમારાથી થઈ શકે તેમ હોય તોજ તે કરવાની જવાબદારી લેવી અને કામ કરી આપ્યા પછી કોઈ પણ પ્રકારની આશા રાખવી જોઈએ નહીં.

૫.... જયારે પતિ પત્ની વચ્ચે બોલાચાલી કે ઝઘડાઓ થયા હોય તે બાબતે તમારે બહેરા અને મુંગા થઈ જવું. આજકાલના પુત્ર અને પુત્રવધૂ ને તેમની અંગત બાબતમાં કોઈનો ચંચુપાત ગમતો નથી. આ તેમનો અંગત મામલો છે અને તેનો ઉકેલ તેમને જ લાવવા દો અને આ ઉમરે આવું થતું જ હોય છે તેમ માનો.

૬.....તેમના સંતાનો એ તેમના જ છે અને તેમને કેમ ઉછેરવા તે અને સારા સંસ્કાર આપવાની અને કેમ ભણાવવા તે સૌ જવાબદારી તેમની જ છે તમારી હરગીઝ નથી તે ખાસ સમજો.

૭......તમારી પુત્રવધૂ તમારી લાગણી સમજે, તમારી વાત માને કે તમારી સેવા કરે એ જવાબદારી તમારા પુત્રની છે, પુત્રવધૂની નહીં, તે ખાસ ધ્યાનમાં રાખો. તમે તમારા પુત્રને કેવી રીતે ઉછેર્યો છે અને કેવા સંસ્કાર આપ્યા છે તેના ઉપર બધું નિર્ભર છે.

૮..... તમારી નિવૃત્તિનું પ્લાનિંગ તમારી રીતે તમારે જ કરવાનું હોય છે. તેમાં પુત્ર મદદરૂપ થાય તો સારી વાત છે પણ તમારે તેની આશા રાખવી નહીં. તમારી અડધી કરતાં વધુ જીંદગી પસાર થઈ ગઈ છે અને હજુ ઘણું જીવવાનું છે, જોવાનું છે, જાણવાનું છે, માણવાનું છે તેમ સમજી નિવૃત્તિનું પ્લાનિંગ કરવું.

૯..... તમારી નિવૃત્તિ કેવી અને કેટલી સુંદર રીતે માણવી એ ફક્ત તમારા ઉપર નિર્ભર છે. જે અને જેટલી શક્ય હોય તે બધી જ મજા કરો અને બને તો તમારી બધી જ બચત બધી જ સંપત્તિ જીવતાજીવત જે યોગ્ય લાગે તે મોજ મજામાં વાપરી નાખો, જેથી ભરપૂર જીંદગી જીવ્યા નો સંતોષ થાય

૧૦.... તમારા Grand Children તમારા પુત્ર એ તમારા કુટુંબ ને આપેલી સોગાદ છે એમ માનો.જેને આપણે મૂડીનું વ્યાજ કહીએ છીએ.

૧૧....હવે લાગણીઓની બહું અપેક્ષા ન રાખવી, નથી મળવાની તેની માનસિક તૈયારી રાખવી, જેથી તૂટી ન જવાય, અને મળતી રહે તો બોનસ માની મનોમન ખુશ રહેવું.

૧૨.....તમારા વિના શું થશે એ ચિંતા કર્યા વગર વણજોઈતી લાશોનું વજન લઈને ન ફરવું, તમે ન હતાં ત્યારે આ જગત હતું અને તમે નહીં હોવ ત્યારે પણ આ જગત ચાલતું રહેશે. કદાચ તમારા ગયા પછી સારું પણ ચાલતું હોય.

૧૩.....દીકરા દીકરીને સરખું મહત્વ આપવું, સાસરે જતી રહેવાની છે એનો અર્થ એ નથી કે તમોને કામ નહીં આવે, કોઈપણ તકલીફમાં દીકરી જ બધું પડતું મૂકીને આવતી હોય છે.

★આ છે જીંદગી જીવવાની જડીબુટ્ટી.★

જે ન્યાયમૂર્તિ દવેસાહેબે આ સલાહ લખેલ છે જે ખુબજ સરસ છે આ પોસ્ટને વધુ લોકો સુધી પહોંચાડવા મહેરબાની...

# જેના જન્મમાં આપણું જીવન છે,જેમાં સાત ગુરુનો સમાવેશ થાય છે

★-અહેવાલ:મહેશ એન.શાહ★

★જેના જન્મમાં આપણું જીવન છે,જેમાં સાત ગુરુનો સમાવેશ થાય છે.★

★તમે બધા કલાકાર નહિ,સાધક છોઃ મોરારીબાપુ.★

★જેકી શ્રોફ સહિત ૧૩ દિગ્ગજ કલાસાધકોનું સન્માન કરવામાં આવ્યું.★

★અમારું નૃત્ય રામ છે,ગાયન,કથન રામ છે,મૌન રામ, બોલવું રામ,અગ્નિ ને આકાશ રામ છે,શ્વાસ ને વિશ્વાસ રામ છે.★

★હું પદનો ઉપાસક નથી,હું પાદુકાનો ઉપાસક છું, તેથી મારી પાસે તમને વંદન કરવાનું આ બહાનું છેઃ મોરારિબાપુ.★



પરમ ગાયનાચાર્ય,પરમ વ્યાકરણચાર્ય હનુમાનજીના જન્મદિવસ નિમિત્તે ત્રિદિવસીય હનુમંત જન્મ મહોત્સવના અંતિમ દિવસે, સુંદરકાંડનું ગાન, હનુમાનજી મહારાજની આરતી બાદ, ભરતનાટ્યમના વિદ્વાન રમા વૈદ્યનાથને નૃત્ય રજૂ કર્યું અને ત્યારબાદ ૧૩ વિવિધ પુરસ્કાર વિતરણ કાર્યક્રમ યોજાયો.કાર્યક્રમ

પ્રસન્નતા વ્યક્ત કરતા બાપુએ જણાવ્યું હતું કે જેનો જન્મ આપણું જીવન છે,જે આપણા જીવનદાતાછે,તેમની અજર-અમર ચેતનાને વંદન. બાપુએ કહ્યું કે આપણું નૃત્ય રામ છે,આપણું ગાવું એ રામ છે,વગાડવું,સાંભળવું,કથન એ રામ છે, મૌન રામ છે, બોલવું એ રામ છે, શ્વાસ અને વિશ્વાસ રામ છે. પાણી,અગ્નિ રામ છે, આપણું આકાશ રામ છે.તમે બધા કલાકાર નથી,તમે સાધકો છો.કલાકાર એ એક નાનો શબ્દ છે.આપણા શાસ્ત્રોમાં ત્રણ જીવો છે:વિષયી, સાધક અને સિધ્ધ.હું પાદુકાનો ઉપાસક છું,પદનો ઉપાસક નથી, તેથી જ મારી પાસે તમને વંદન કરવાના તમામ એવોર્ડ-પુરસ્કાર બહાના છે.રામચરિતમાનસમાં સાત ગુરુઓની વ્યક્ત-અવ્યક્ત સ્વરૂપમાં ચર્ચા કરવામાં આવી છે:ગુરુ,શ્રી ગુરુ,કુલગુરુ, ધર્મગુરુ,જગતગુરુ, સદગુરુ અને ત્રિભુવન ગુરુ.જેનીમાં આ સાતેય છે તે હનુમાનજીનો આજે જન્મદિવસ છે.હનુમંત તત્વને વિશેષ રીતે ગ્રહણ કરવા માટે સંબંધ બાંધવો પડે છે:એક- હનુમાનજી એક માણસના સચિવ છે, તે માણસ સુગ્રીવ.સુગ્રીવ ખૂબ દોડે છે.બહુ દોડ સારી નથી.હનુમંત જેવો સચિવ પહેલા રામ અને પછી રાજ આપે છે.બીજું- હનુમાનજી રામના દૂત છે આપણે કોના દૂત છીએ? રામના કે હરામનાં?ત્રીજું -હનુમાનજી લંકિની માટે ચોર છે.જે પ્રગતિ કરે છે,રામને પોતાનું જીવન સમર્પિત કરે છે તેને કોઈ ચોર પણ કહેશે. પરંતુ અંતે હનુમાનજી સાધુ નૂકળે છે,એ લંકિની માટે.ચાર - વિભીષણ માટે ભાઈ છે.પાંચ - જાનકી માટે પુત્ર છે.જાનકી માત્ર સ્ત્રી નથી, શ્રી ગુરુ છે.સાત-લક્ષ્મણના જીવનદાતા અને એક રીતે રાવણ માટે નિર્વાણ આપનાર છે.બાપુએ તમામ પુરસ્કારો-એવોર્ડ મેળવનારાઓ પ્રત્યે પોતાનો રાજીપો વ્યક્ત કરીને હનુમાન જયંતિ નિમિત્તે સમગ્ર વિશ્વ,ત્રિભુવનને હનુમાન જયંતિની શુભકામનાઓ પાઠવી એ સાથે ત્રિ-દિવસીય કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

★તલગાજરડા ખાતે ત્રિ-દિવસીય હનુમંત સંગીત મહોત્સવ(૪૩)માં આ ૧૩ એવોર્ડ્સ દ્વારા વિવિધ કલા ઉપાસકોની કલાની વંદના કરવામાં આવી.★

★મોરારિબાપુની પ્રાસંગિક અભિવ્યક્તિ દ્વારા હનુમાનજી જન્મોત્સવ સમારંભનું સમાપન થયું.★

★જેમનું એવોર્ડ આપી સન્માન થયું એ કલાવિદોમાંઃ★

૧-શ્રી સંજય ઓઝા(અવિનાશ વ્યાસ એવોર્ડ)

૨-શ્રી વૃંદાવન સોલંકી(કૈલાસ લલિતકલા એવોર્ડ)

૩-શ્રી અજિત ઠાકોર(વાચસ્પતિ-સંસ્કૃત-એવોર્ડ)

૪-ડો. નિરંજન વોરા(ભામતી-સંસ્કૃત-એવોર્ડ)

૫-સ્વ.શ્રી કિશન ગોરડિયા(સદભાવના એવોર્ડ)

૬-શ્રી ચંપકભાઈ લક્ષ્મણભાઈ ગોડિયા(ભવાઈ-નટરાજ-એવોર્ડ)

૭-શ્રી અમિત દિવેટિયા(ગુજરાતી રંગમંચ-નાટક-નટરાજ એવોર્ડ).

૮-શ્રી સુનીલ લહરી(હિન્દી ટીવી શ્રેણી-નટરાજ એવોર્ડ).

૯-શ્રી જેકી શ્રોફ(હિન્દી ફિલ્મ-નટરાજ એવોર્ડ).

૧૦-વિદૂષી રમા વૈદ્યનાથન(ભરત નાટ્યમ-નૃત્ય-હનુમંત એવોર્ડ).

૧૧-ઉસ્તાદ ફઝલ કુરેશી(તબલાં-તાલવાદ્ય-હનુમંત એવોર્ડ).

૧૨-પંડિત રાહુલ શર્મા(સંતૂર-શાસ્ત્રીય વાદ્ય સંગીત-હનુમંત એવોર્ડ).

૧૩-પંડિત શ્રી ઉદય ભવાલકર(દ્રુપદ-શાસ્ત્રીય ગાયન-હનુમંત એવોર્ડ).




પરાક્રમી ના તુજ સમ કોઈ,
ના કોઈ સ્વામીભક્ત.
તારું નામ દૂર કરે સહું સંકટ,
કાપે તન-મનના કષ્ટ.
રામજી રહેતા સદાય હૃદયે,
ચરણકમળમાં તમે રહેતાં લીન.
શક્તિશાળી ના તમ સમ કોઈ,
તોય રહેતાં બની સદાયે દીન.
અસંભવ ને સંભવ કરી બતાવ્યું,
સીતાશોધ કે જડીબુટ્ટીનું કામ.
ગર્વ ના કર્યો કદીયે પોતાના બળનો,
અવિરત કાર્ય કર્યા, ના કીધો વિશ્રામ.
બ્રહ્મચારી, અખંડ રામભક્તિ,
હૈયે સ્વામીના હિતને જ સદા ધારી.
તારા વખાણ કરવા હું પામર છું,
શી રીતે વર્ણવું શૌર્ય ગાથાઓ તમારી?
આપજો સદાય રામચરણ પર પ્રીતિ,
ભગાડજો ભવભય ને ભીતિ.
જીવન સદા ચાલે અનુસરીને નીતિ,
મુખે તુજ નામ, હૈયે રામથી લઈએ જગ જીતી.
-અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર.

પવનપુત્ર, અતિબળશાળી, ચિરંજીવી, ૧૧મા રુદ્ર અવતાર અને સ્મરતા કરે સહાય એવા મારા સહુથી પ્રિય ભગવાન હનુમાનજીને તથા આપ સહુને હનુમાન જન્મોત્સવની અલકા નવિનચંદ્ર મહેતા તરફથી હાર્દિક શુભેચ્છાઓ.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ








NOG SS N0 : 089
વિષય : રસથાળ
શીર્ષક : લોભામણું
પ્રકાર : ગદ્ય
પ્રવિણા કડકિઆ
———

સાત પકવાન અને મનભાવન મિષ્ટાન્ન જો નજર સમક્ષ પિરસવામાં આવે તો કોના મોંમા પાણી ન આવે ?

દિવાળી પછીના બીજા દિવસે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ધરવામા આવે છે. જયાં સુધી ઠાકોરજી આરોગે નહી , કોઈ પણ વૈષ્ણવનું મન ચલિત થતું નથી.

હા, પ્રસાદ રુપે સહુ ભાવપૂર્વક માણે છે.

રસથાળ ભોજન રુપે હોય ત્યારે માણવાની મઝા ઔર છે.

એ જ રસથાળ સંગીતના સ્વરૂપે માણવા મળે ત્યારે કરણ દ્વારા સ્વર્ગની સહેલગાહ માણવાનો અવસર પ્રાપ્ત થાય છે.

પસંદ અપની અપની ખ્યાલ અપના અપના.

વાંચનના શોખિનને મનગમતા પુસ્તકો વચ્ચે મૂકો , ખાવા પીવાનું ભાન ભૂલી જશે.

ભક્તિ રસમાં ગળાડૂબને મન પસંદ ભજનનો રસથાળ પિરસવામાં આવે તો સાનભાન ભૂલી નાચી ઊઠશે. સ્થળ અને સમય પ્રત્યે બેદરકાર જણાશે. જગની લેશ માત્ર પરવા નહી કરે.

એક વાત હૈયે કોતરી રાખવી દરેક વ્યક્તિની પસંદ અલગ હોવાની . મને જે લોભામણું લાગે તે તમને કદાચ ન પણ લાગે.

તેનો અર્થ એક જ નિકળે મને જે પસંદ એ તમારી પસંદ ન પણ હોય . મતલબ દરેક ને પોતાનો અભિપ્રાય હોય તે સ્વાભાવિક છે.

"રસથાળ" ભલે અલગ અલગ હોય તેને માણનાર મળી રહેશે. રસથાળની રસિકતા દિલથી , ઉલ્લાસ પૂર્વક , બેબાક બનીને માણો.

આજનો લહાવો લિજીએ રે કાલ કોણે દીઠી છે .

**********************************

NOG SS NO. 142
વિષય : રસથાળ
પ્રકાર : લેખ
શીર્ષક : ★અન્નમ્ પરમબ્રહ્મ★
શબ્દ સંખ્યા: ૩૫૩
નામ : મનીષા મહેતા(ધરા)
★★★★★★★★★★★
★અન્નમ્ પરમબ્રહ્મ★
એક દ્રશ્ય:

ગંદકી અને ખુલ્લી ઉભરાતી ગટરોની આસપાસ વસ્તીથી ખદબદતી એ ગલીમાં એક કૂતરું મરી ગયું છે. તેની આસપાસ લગભગ નગ્ન જ કહી શકાય એવાં મેલાંઘેલાં, હાડકાં પાંસળાં જેમનાં એક થઈ ગયા છે એવા બાળકોની ટોળી કોઈ આશામાં મરેલાં કૂતરા ઉપર નજર રાખીને અડ્ડો જમાવીને બેઠી છે. થોડીવારમાં એમનાં વડીલો આવ્યા. એમની વચ્ચે લોહિયાળ મારામારી થઈ. અંતે જે વિજેતા થયું એ પેલું મરેલું કૂતરું લઈને રવાના થયું. એટલા લોકોને એમાંથી ભોજન મળશે બાકીનાં આજે પણ ભૂખ્યાં રહેશે. આ દશ્ય આફ્રિકન દેશ બુરુન્ડી જે વિશ્વનો સહુથી ગરીબ દેશ કહેવાય છે ત્યાંનું છે. ફકત ત્યાં જ નહીં દુનિયાભરમાં કરોડો લોકો ભૂખ્યાં સુવે છે ને ઊઠે છે ને પાછા ભૂખ્યાં જ સૂઈ જાય છે. એમ એમ કરતાં વહેલાં મરી જાય છે. આ હકીકત સામે જેટલાં આંખ આડા કાન કરવા હોય એટલા કરી લો. આ આંકડા આજની માહિતીની દુનિયામાં તમને ઠેર ઠેર મળી આવશે. માટે ,તમે સુખી છો, ભૂખનું દુઃખ તમે જોયું નથી અને જોવાના પણ નથી એટલી મૂડી ભેગી કરી ચૂક્યાં છો, તમે ધારો એટલું રાંધી શકો છો, મન ફાવે એમ તમારો રસથાળ સજાવી શકો છો અને ધારો તેટલી ભરેલી થાળી એંઠવાડમાં ફેંકી શકો છો. તમને કોઈ કહેનાર નહીં મળે. જ્યાં સુધી પાંચસો રૂપિયાનો ચાંદલો કર્યો હોય એ જમણવારમાં એટલા રૂપિયાનું ખાવું નહિ તોય બગાડવું તો ખરું જ એ ભાવના ભરચક હોય, મોટાં મોટાં ડ્રમ ભરીને એવા જાહેર ભોજન સમારંભનો ખોરાકનો બગાડ જોવા મળતો હોય અને એ બાબતે કોઈને કંઈ કરવું જ ન હોય ત્યાં સુધી વિશ્વનાં કોઈ ખૂણે ભયંકર ભૂખમરો પણ રહેશે જ, ત્યાં સુધી ભૂખ્યાં બાળકો ભૂખ ભાંગવાનો જંગ જોતાં રહેશે. દરેક ધર્મ આ વાત પોતાની આગવી રીતે શીખવે જ છે પણ માણસ એનો અમલ માત્ર ધર્મસ્થાન પૂરતો જ કરે છે અને ક્યાંક પોતાનાં રસોડા પૂરતો બાકી એ સમજણ કેળવવી એને ગમતી નથી. અન્નને બ્રહ્મ કહેવાય ખરું પણ તેને એટલું સન્માનતા આપણે શીખ્યાં નથી. મિત્રો, અન્નનું દાન ન થઈ શકે તો ભલે પણ ઈશ્વર કૃપાએ તમારો જે રસથાળ ભર્યો રહે છે તેનાં એક એક કણનું મૂલ્ય તમને, સહુને સમજાય અને બગાડ કરવો એ બહુ મોટું પાપ છે એ સમજાય તોય ઘણું. બાકી કુદરતનો ન્યાય તો એક જ છે, આજે નહીં તો કાલે,

'જેવી કરણી એવી ભરણી'.
૨ મનીષા મહેતા(ધરા)
૬/૪/૨૩
**********************************

NOG SS N0 .0059*
વિષય: ★રસથાળ★
શીર્ષક: ★વિવિધ રસથાળ★.
શબ્દો: ૩૪૮.
લેખકનું નામ:જયકાન્ત ઘેલાણી
★પ્યારે★.

★રસથાળ★ શબ્દ,ભલ ભલાના મન માં સ્વાદિષ્ટ ભોજનની ઉત્કંઠા ને જગાડવા સક્ષમછે.

★રસથાળ★ શબ્દમાં વિવિધ વિષયોની વિવિધતા સમાયેલીછે, જાણીએ.

પ્રથમ ★ભોજન ★રસથાળ★
માણીએ,
★ભૂખ્યાં પેટે સેવા ન થાય★
★પહલે પોટોબા ,નંતર વિઠોબા★

કેરીની સીઝન હોય,મામાને ત્યાં જમવાનું હોય, ★મા , પીરસનાર હોય તે ભોજનના ★રસથાળ★ માં વિવિધ વેરાયટી, જેમાં તીખી-મીઠી ચટણી ને કાકડી-ટામેટા-કોબીના સલાડની હાજરીછે..

ખમણ,મેથી- મરચાના ગરમ ભજીયા-ખાંડવી,સમોસા, પાતરા, પંસદગી માટે નોતરી રહ્યા છે, મગની દાળને સુગંધથી મહેકતો ફજેતો હાજરછે.હાફૂસ-પાયરી ના મધુર રસથી નીતરતું કચોળુ, ઉપર નાખેલ

સૂંઠ પાવડરને પડવાળી ઘી થી તરબોળ રોટલી, કાજુ કીસમીસ સાથે કડવાં કારેલાના સ્વાદિષ્ટ શાક સાથે મધુર મિલન ની તૈયારી કરી ચૂકેલછે.

ગરમ ગરમ બાસમતી ભાત

ગરમ મસાલા સાથે શોભી રહ્યા છે,તળેલી રંગ- બેરંગી ફરફર સાથે પાપડ તૈયાર હોય ત્યારે બધાને ન્યાય આપવા, આપણે સૌ તૈયાર હોઈએ , કેમ ખરૂને ? જમ્યા બાદ વઘારેલી છાસ, પીધા બાદ મુખમાંથી વાહ વાહ! સરી પડેછે.

પચાવવા કલકતી પાન ઉપકારક બનેછે.

★સાહિત્યના રસથાળ★ ની ઓળખ જાણીએ.

ભૂદેવ જ્યારે છંદ ની, રણકતે અવાજે દૈવ-દેવીની સ્તુતિ ગાયછે ત્યારે ભકિતનો સાગર ઉમટેછે.

ચારણના મૂખેથી -છંદ-દુહા, લડવૈયામા શૂરાતનનો શંખ ફૂંકેછે,
કવિતા પાર્થના રુપે તે વિષય નો
સાક્ષાતકાર કરાવેછે
વાર્તા, ★ભૂત, વર્તમાન, ભાવી★ નો ચિતાર જણાવી,
વસ્તુ- સ્થિતિના દર્શન કરાવેછે.
સતર શબ્દોનુ હાઈકૂ
ઘણુ સમજાવેછે.
★સાહિત્યનો રસથાળ★
★પ્યારે★ માણો ,રસાસ્વાદ !
★ગીતોનો રસથાળ★-
શોખીનો દિવશ રાત મનગમતા ગીતો સાંભળતા રહેછે ,
NOG નો ★સાહિત્ય રસથાળ★ વિવિધ વિષયોનું વાંચન
★ન્યુઝ ઓફ ગાંધીનગર★
મા પ્રિન્ટ કરી વાચકો ને પીરસેછે.
©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★.

# વલ્લભ વેદાંત દર્શન- ૨

★લેખન: ભરત સાંગાણી★



તત્વજ્ઞાનની ભૂમિકા:

જે વિશ્વમાં આપણે જીવન જીવી રહ્યાં છીએ તે જગત શું છે? તેની સાથે આપણો શુ સંબંધ છે? આ સમગ્ર તંત્રનું સંચાલન કરનાર કોણ હશે? આપણી સાથે - જગત સાથે, તેનો શું સંબંધ? આવાં અનેક પ્રશ્નો આપણાં મનમાં ઉદ્ભવતા રહે છે. તેથી મનુષ્યે આ બધાં રહસ્યો પર ગહન ચિંતન કર્યું છે. આ મનોમંથનના વલોણુંરૂપે, વિવિધ પ્રકારની ફિલોસોફી(દર્શન શાસ્ત્ર) બહાર આવી.

જિજ્ઞાસુ ચિંતકને તત્વજ્ઞાની અથવા ફિલોસોફર કહેવાય. 'Love for wisdom' અર્થાત જ્ઞાન પ્રત્યે અનુરાગ. અહીં જ્ઞાન શબ્દ દ્વારા સૈદ્ધાંતિક કે પુસ્તકિયું જ્ઞાન નહીં પરંતુ પ્રબુદ્ધ જ્ઞાન કે શાણપણનો અર્થ અભિપ્રેત છે. આ જ્ઞાનને જ્ઞાન, બુદ્ધિ, વિચાર, વિવેક અને સત્ય સાથે સંબંધ છે.

પશ્ચિમના તત્વજ્ઞાનનું મૂળ પ્રાચીન ગ્રીક ચિંતનમાં રહેલું છે.

પાયથાગોરસે એક રૂપકની મદદથી ફિલોસોફર શબ્દનો અર્થ સમજાવ્યો છે. તેણે કહ્યું: ઓલિમ્પિકની રમતમાં ત્રણ પ્રકારનાં લોકો આવે છે: ૧. ભાગલેનાર રમતવીરો, ૨. તેનું માર્કેટિંગ કરનારા, ૩. નિર્દોષ ભાવે રમતનું નિરીક્ષણ કરી આનંદ અને સંતોષ મેળવવા આવતાં પ્રેક્ષકો.

બસ, એ જ પ્રમાણે જીવનની રમતમાં ત્રણ પ્રકારના લોકો હોઈ છે.

૧. કિર્તી અને પ્રતિષ્ઠાના મોજશોખના ગુલામો, ૨. ભૌતિક સંપત્તિમાં રાચનારા અને ૩. પરમ સત્યનું અન્વેષણ કરનારા જ્ઞાની કે ફિલોસોફર.

પશ્ચિમી વિચારધારાની મુખ્ય શાખાઓ:

લોજિક ( તર્કમીમાંસા)

યથાર્થ અને અયથાર્થના ભેદને જાણવા માટે તર્ક-દલીલોને સમજાવતું શાસ્ત્ર.

Epistemology(જ્ઞાનમીમાંસા)

જ્ઞાનની વિવિધ શ્રેણી, અતિન્દ્રિય જ્ઞાન દ્વારા પરમ સત્યને પામવાના માર્ગને સમજાવતું શાસ્ત્ર.

Ontology(સત વિદ્યા/ અધ્યાત્મ વિદ્યા)

સતનું અસ્તિત્વ, વ્યવહારિક સત્ય અને પરમાર્થીક સત્યના ભેદની ચર્ચાનું શાસ્ત્ર.

આ ઉપરાંત પણ બીજી કેટલીક શાખાઓ જેમ કે ªhics(નિતિમિમાંસા), Aesthªics(સૌન્દર્યમીમાંસા), Cosmology( સૃષ્ટિમીમાંસા) વગેરે વિકાસ પામી છે.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં જિજ્ઞાસા, શોધ અને જ્ઞાન એ તત્વજ્ઞાનના તબક્કા છે.

તત્ત્વજ્ઞાનમાં રહેલો તત્ શબ્દ ઈદમનો વિરોધી છે. ઈદમ એટલે આ- દશ્યમાન વિશ્વ અને તત્ એટલે તે - વિશ્વની પેલે પાર રહેલું તત્ત્વ. એ તત્ત્વના સ્વરૂપનું જ્ઞાન એટલે તત્ત્વજ્ઞાન. ભારતીય દર્શન આંતરખોજનો દષ્ટિકોણ ધરાવે છે. તે અધ્યાત્મ વિદ્યા છે. અધ્યાત્મ વિદ્યા એ આત્મા વિશેનું વિવેચનાત્મક અને પૃથક્કરણ પદ્ધતિથી પ્રાપ્ત કરેલું જ્ઞાન છે.

ભારતીય તત્વદર્શન જીવનના સ્તરને સુધારવા, ઊર્ધ્વીકરણ કરવા જ્ઞાનના વ્યવહારિક ઉપીયોગમાં માને છે. સિદ્ધાંત અને વ્યવહારને અલગ કરી શકાય નહીં. ભારતીય તત્વદર્શન એ ★જીવનદર્શન★ છે.

પ્રાચીન ઋષિ- મુનિઓ સમાધિમાં બેસી તથ્યો ઉપર વિચાર કરતાં અને તેમને જે અનુભૂતિ પ્રાપ્ત થતી તેના ઉપર આપસમાં વિમર્શ કરી જે સત્ય સાંપડ્યું તે ભારતીય દર્શનનો આધાર છે. ભારતીય-પૌર્વાત્ય અને પાશ્ચાત્ય દર્શનનો ભેદ જોઈ શ્રી વલ્લભાચાર્યજીની પહેલાંના આચાર્યોની વિચારધારાઓ નીરખી આપણે શ્રી વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈતવાદ તત્વદર્શન સાથે શ્રીવલ્લભચાર્યજીના વલ્લભ વેદાંત દર્શન કરવાનું શરૂ કરીશું.

પાશ્ચાત્ય દર્શનમાં અનેક દેશોની વિચારધારાઓનો સંગમ થયો છે.તેમાં મુખ્યત્વે ગ્રીક, ખ્રિસ્તી તેમજ આધુનિક વિચારધારાઓનો ત્રિવેણી સંગમ છે. તેમના દર્શનનો મુખ્ય વિષય જ્ઞાન-મીમાંસા રહ્યો છે. તેઓ બાહ્ય દષ્ટિકોણથી વિચારે છે. તર્કવાદી અને વ્યવહારકુશળ માનસ ધરાવે છે. જ્યારે પૂર્વનું માનસ આંતર જીવન અને ધ્યાનયોગ તરફ વધુ ઢળે છે.

પશ્ચિમનાં ચિંતકોનું મુખ્ય ધ્યેય ઈશ્વર સાક્ષાત્કાર કે આત્મ સાક્ષાત્કારનું ન હતું. તેઓની દષ્ટિ બહિર્મુખી છે. તેઓને આધ્યાત્મિક રહસ્યોની શોધ કરતાં જગતના વ્યવહારિક પ્રશ્નોની ચર્ચામાં વિશેષ રસ છે.

આનાથી વિપરીત પૌર્વાત્ય દર્શન વધારે વ્યાપક છે તે તર્કની સીમા વટાવી તેની પેલે પાર જવાનું ધ્યેય રાખે છે. ભારતીય તત્ત્વજ્ઞાન ઉદાર સહિષ્ણુ અને વિવેચનાત્મક છે. તેમાં ગૂઢ અનુભવ અને સાક્ષાત્કારને પણ સ્થાન અને પ્રતિષ્ઠા મળ્યાં છે. ગીતા-ઉપનિષદમાં આત્માને નિર્ગુણ અજર-અમર બતાવ્યો છે. વેદાંત દર્શન તેને નિત્ય માની તેમાં કોઈ ફેરફાર સ્વીકારતું નથી.

પરમ સત્ય -Ultimate Reality એટલે શું? તેને કેવી રીતે જાણી ઓળખી શકાય તે પ્રશ્નો અનાદિ કાળથી માનવ મનને મૂંઝવી રહ્યાં છે. એવું કયું સાધન છે જે આને માટે ઉપયોગી થઈ શકે?

ભારતીય તત્ત્વ દર્શનના આધારે ઉપરોક્ત વિચારોનું બીજ આપણાં પ્રાચીનતમ ગ્રંથો વેદ અને ઉપનિષદમાં રહેલું છે.

શ્રુતિશાસ્ત્ર વેદ- ઉપનિષદ, સ્મૃતિ શાસ્ત્ર ભગવદગીતા અને વેદના જ્ઞાનની સ્પષ્ટતા કરવા, સરળતાથી સમજાવવા વ્યાસજીએ બ્રહ્મસુત્રોની રચના કરી છે.

વેદાંત વિચારનું ઉદગમ સ્થાન આ ત્રણ શાસ્ત્રમાં રહેલું છે. તે પ્રસ્થાન ત્રયી તરીકે જાણીતા છે. આ ત્રણ ગ્રંથો આપણો જ્ઞાન ભંડાર છે. તે જ આધારભૂત ગણાય છે.

દરેક આચાર્યે પોતાના આગવા દષ્ટિકોણ મુજબ આ ગ્રંથોનું અર્થઘટન કરી પોતાના મૌલિક સિદ્ધાંતો તારવ્યાં છે. તે મુજબ આપણને વિવિધ આચાર્યોના વિભિન્ન વેદાંત દર્શન પ્રાપ્ત થયા છે.

શંકરાચાર્યે કેવલાદ્વૈત અથવા માયાવાદ, રામાનુજાચાચાર્યે વિશિષ્ટાદ્વૈતવાદ, મધ્વાચાર્યે દ્વૈતવાદ, નિમ્બાકાચાર્યે દ્વૈતાદ્વૈતવાદ પ્રતિપાદિત કર્યાં છે.

શ્રીવલ્લભચાર્યે ઉપરોક્ત ત્રણેય શાસ્ત્રોને અલગ અલગ શાસ્ત્રો તરીકે ન આલેખી તેઓના પરસ્પર સમન્વિત રૂપને આધારભૂત પ્રમાણ તરીકે સ્વીકાર્યું છે. અને આગળ કહે છે:

× વેદો, ગીતામાં કહેલાં શ્રીકૃષ્ણના વાક્યો , વ્યાસજીએ રચેલા બ્રહ્મસુત્રો તેમજ વ્યાસજીને સમાધિમાં અનુભૂત થયેલ વાણી એટલે કે 'ભાગવત' એ ચારને હું પ્રમાણરૂપ માનું છું. શ્રીવલ્લભચાર્યનું વેદાંત દર્શન આ પ્રમાણ ચતુષ્ટય પર આધારિત છે. તેઓના કથન મુજબ આ ચાર શાસ્ત્રોના સમન્વયાત્મક મૂલ્યાંકન દ્વારા જ બ્રહ્મના સાચા સ્વરૂપને જાણી શકાય. માટે જ શ્રીવલ્લભચાર્યે શ્રુતિ-સ્મૃતિ-સૂત્રો-ભાગવતના આધારે પોતાની 'શુદ્ધાદ્વૈત વિચારધારા' પ્રસ્તુત કરી છે. વલ્લભ વેદાંત દર્શનની શરૂઆત કરતાં પહેલાં આપણે આ પાંચ પ્રકરણોમાં દર્શન શાસ્ત્રોનો મહિમા વિવિધ વિચારસરણીઓને વિવિધ દર્શનના-તત્વજ્ઞાનના અંગો વિષે પરામર્શ કરી આપણે હવે શ્રીવલ્લભાચાર્યે પ્રમાણિત કરેલ પ્રમાણ ચતુષ્ટય ને તેને આધારે રચેલા તેમનાં ગ્રંથોની વિશદ છણાવટ આપણે હવે પછીના વલ્લભ વેદાંતના પ્રકરણોમાં કરતાં કરતાં આપણાં મનના પ્રશ્નોનો ઉત્તર મેળવતાં જઈશું. અને તેનાં પાયા પર ઉભેલી પુષ્ટિમાર્ગની ભવ્ય ઈમારતમાં આપણે પ્રવેશ કરીશું.

ક્રમશ:

★આલેખન: ભરત સાંગાણી.★

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.૮નો મામૂલી ઘટાડો: સોના-ચાંદીમાં સામસામા રાહ

### કોટન-ખાંડી વાયદામાં રૂ.૩૨૦નો ઉછાળો: નેચરલ ગેસ, મેન્થા તેલ સુધર્યા: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૫,૮૬૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૭૭૨.૫૯ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૮ કરોડનાં કામકાજ




ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરુવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૭,૨૬૩ સોદાઓમાં કુલ રૂ.૧૭,૬૪૯.૭૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૮૬૮.૮૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૧૭૭૨.૫૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૪,૬૬૧ સોદાઓમાં રૂ.૩,૮૫૫.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૬૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૮૩૬ અને નીચામાં રૂ.૬૦,૫૬૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૮ ઘટી રૂ.૬૦,૮૦૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૮ વધી રૂ.૪૮,૨૨૮ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦ વધી રૂ.૫,૯૮૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮ ઘટી રૂ.૬૦,૫૪૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૪,૩૩૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૮૨૦ અને નીચામાં રૂ.૭૪,૨૫૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૭ વધી રૂ.૭૪,૬૩૨ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૫૯ વધી રૂ.૭૪,૫૧૮ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪૭ વધી રૂ.૭૪,૪૯૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬,૦૭૦ સોદાઓમાં રૂ.,૭૯૪.૭૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ એપ્રિલ વાયદો રૂ.૭૬૮.૯૫ના ભાવે ખૂલી, રૂ.૪.૦૫ વધી રૂ.૭૭૦.૯૫ જયારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૫ વધી રૂ.૨૦૬.૬૫ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્રોાક્ટ રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૪૮ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ વધી રૂ.૨૦૬.૮૫ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૮૧ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૦.૭૦ ઘટી રૂ.૨૪૮.૨૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૭૧૩ સોદાઓમાં રૂ.૧,૧૯૪.૨૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૫૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૦૭ અને નીચામાં રૂ.૬,૫૨૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮ ઘટી રૂ.૬,૫૯૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૭ ઘટી રૂ.૬,૫૯૭ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭૬ના ભાવે ખૂલી, રૂ.૩ વધી રૂ.૧૭૯.૩૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૨.૮ વધી ૧૭૯.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૪.૩૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૪૮૦ અને નીચામાં રૂ.૬૩,૧૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨૦ વધી રૂ.૬૩,૩૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ વધી રૂ.૯૯૨ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૨૯.૩૮ કરોડનાં ૩,૦૧૫.૦૭૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૨૬.૧૫ કરોડનાં ૨૭૧.૪૨૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૧૭.૬૩ કરોડનાં ૧૦,૯૨,૫૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪૭૬.૫૮ કરોડનાં ૨,૬૭,૦૧,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૯૯.૬૪ કરોડનાં ૪,૮૧૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૦.૭૦ કરોડનાં ૧,૬૯૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૪૮૨.૬૧ કરોડનાં ૬,૨૬૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૧૮૧.૮૧ કરોડનાં ૭,૩૧૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨૧.૭૩ કરોડનાં ૩,૪૦૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨.૫૮ કરોડનાં ૨૫.૯૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૮૫૫.૪૩૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૦૩.૩૮૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૦,૬૧૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૫,૮૩૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૩૫૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૨,૧૭૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૮,૪૬,૯૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૯૦,૩૦,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૫,૨૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૧૦.૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૮.૩૫ કરોડનાં ૧૦૧ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૩૯ લોટના સ્તરે રહ્યો હતો.

બુલડેક્સ મે વાયદો ૧૬,૫૩૪ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૫૫૫ અને નીચામાં ૧૬,૫૩૪ બોલાઈ, ૨૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૯ પોઈન્ટ ઘટી ૧૬,૫૪૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧૭૭૨.૫૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૭૪.૦૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬૬.૭૫ કરોડનાં કામ થયાં હતાં.

NEWS OF GANDHINAGAR_P-3



તા.૬-૪-૨૦૨૩ સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ દરમ્યાન નિઃશુલ્ક હિમોગ્લોબીન નિદાન કેમ્પનું આયોજન નવાવાડજ-નારણપુરા વિસ્તારમાં રહેતા રહીશોના લાભાર્થે ડૉ. બી.ટી.પટેલ ક્લિનિક,ગાયત્રી હોસ્પિટલ કિરણ પાર્ક સામે,નવા વાડજ ખાતે જાયન્ટ ગ્રૂપ ઑફ અમદાવાદ મેઈન,ગાયત્રી પરિવાર નારણપુરા,આશીર્વાદ ફાઉન્ડેશન,ડૉ.બી.ટી.પટેલ તથા કવિવા લાઈફ સાયન્સ કંપની તેમજ ઉમેશ પટેલ,પંકજ જોષી,વાસુભાઈ ગોહેલ,દર્શી દેવલ પટેલ અને કાર્યકર મિત્રોના સહયોગથી કરવામાં આવ્યું હતું જેમાં ડૉ.બી.પટેલે જરૂરમંદોને નિઃશુલ્ક તપાસી સલાહ આપી દવા આપી હતી સદર શિબિરમાં ૭૦ ઉપરાંત સ્થાનિક લોકો તેમજ સીનીયર સીટીઝનોએ લાભ લીધો હતો.

## રિલાયન્સ આઈસ્ક્રીમ માર્કેટમાં ઉતરવાની તૈયારીમાંઃ અમૂલ, હેવમોર માટે મોટો પડકાર

અમદાવાદ,તા.૬

ભારતમાં આઈસ્ક્રીમ માર્કેટમાં ગરમાવો આવવાની તૈયારી છે. આઈસ્ક્રીમ ઉધોગમાં અમૂલ, હેવમોર, વાડીલાલ જેવી બ્રાન્ડ એકબીજાને ટક્કર આપી રહી છે, ત્યારે હવે રિલાયન્સ પણ આ સ્પર્ધામાં કૂદી પડે તેવી શકયતા છે. રિલાયન્સ રિટેલ વેન્ચરની કંપની રિલાયન્સ કન્યુમર પ્રોડકટસ પોતાની નવી બ્રાન્ડ ઈન્ડિપેન્ડન્સ સાથે આઈસ્ક્રીમ માર્કેટમાં પ્રવેશે તેવી સંભાવના છે.

સૂત્રોએ જણાવ્યું કે રિલાયન્સ કન્યુમરે) ગુજરાત સ્થિત એક આઈસ્ક્રીમ ઉત્પાદક સાથે પ્રોડકશનના આઉટસોસિંગ માટે વાતચીત શ કરી છે.આઈસ્ક્રીમના ઓર્ગેનાઈડ માર્કેટમાં રિલાયન્સની એન્ટ્રીના કારણે સ્પર્ધામાં વધારો થશે. આ વિશે રિલાયન્સ ઈન્ડ.ને મોકલવામાં આવેલા ઈમેઈલનો જવાબ મળ્યો ન હતો. સૂત્રોએ કહ્યું કે ચાલુ ઉનાળામાં જ આઈસ્ક્રીમ માર્કેટમાં મુકવા માટે રિલાયન્સ અને સ્થાનિક ઉત્પાદક વચ્ચે વાતચીત ચાલુ છે જે અંતિમ તબક્કામાં પ્રવેશી છે. રિલાયન્સ તેના ગ્રોસરી રિટેલ પાર્ટનર્સ મારફત આઈસ્ક્રીમ બજારમાં લાવશે. રિલાયન્સની ઈન્ડિપેન્ડન્સ બ્રાન્ડ ખાધતેલ, કઠોળ, અનાજ અને પેકેડ ફડસ જેવી પ્રોડકટ બજારમાં ઉતારે છે.

આ વિશે એક એકસપર્ટે જણાવ્યું કે રિલાયન્સની એન્ટ્રીથી આઈસ્ક્રીમ માર્કેટમાં મોટો ફેરફાર આવે તેવી શકયતા છે. આ ઉપરાંત તેનાથી કોમ્પિટિશનમાં વધારો થશે. રિલાયન્સ કયા માર્કેટને ટાર્ગેટ કરે છે અને કેવી પ્રોડકટ બજારમાં ઉતારે છે તે જોવું રસપ્રદ રહેશે. ભારતીય આઈસ્ક્રીમ માર્કેટની સાઈઝ ૨૦,૦૦૦ કરોડ કરતા વધુ હોવાનો અંદાજ છે. તેમાં ઓર્ગેનાઈડ બ્રાન્ડસ પાસે લગભગ ૫૦ ટકા બજારહિસ્સો છે. આગામી પાંચ વર્ષમાં ભારતીય આઈસ્ક્રીમ માર્કેટની સાઈઝમાં ડબલ ડિજિટમાં ગ્રોથ થવાની શકયતા છે કારણ કે લોકોની ખર્ચપાત્ર આવક વધશે, તથા વીજળીની સગવડમાં વધારો થશે.દેશમાં ગ્રામીણ બજારોમાં પણ આઈસ્ક્રીમની માંગ વધી રહી છે. તેના કારણે બીજી મોટી કંપનીઓ પણ આઈસ્ક્રીમ માર્કેટમાં પ્રવેશે તેવી શકયતા છે. આઈસ્ક્રીમની વધતી ડિમાન્ડને પહોંચી વળવા માટે જાણીતા આઈસ્ક્રીમ ઉત્પાદકો હેવમોર, વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ અને અમૂલ તેની કેપેસિટી વધારી રહ્યા છે.



ગુજરાતમાં આ વર્ષે આઈસ્ક્રીમની માંગ જોઈએ તેવી જામી નથી. એપ્રિલ મહિનાનો લગભગ એક સાહ વીતી ગયો છે પરંતુ હજુ સુધી ગરમી સાધારણ હોવાના કારણે આઈસ્ક્રીમની માંગમાં તેજી નથી આવી. આ વખતે ગુજરાતના ઘણા વિસ્તારોમાં વારંવાર કમોસમી વરસાદ પડો છે તેના કારણે તાપમાન નીચું રહ્યું છે. હજુ પણ ચારથી પાંચ દિવસ સુધી કેટલાક વિસ્તારોમાં ઝાપટા પડવાની આગાહી છે તેના કારણે આઈસ્ક્રીમની માંગને અસર થશે.

### ગાંધીનગર સ્થિત ॥

## સમર્પણ મૂક-બધિર શાળા ને અત્યંત સફળ સંચાલન માટે પુરસ્કાર એનાયત

કછોલી મુકામે સ્વ.કીકુભાઇ નાયક ની ૧૮ મી પુણ્યતિથી નિમિત્તે શ્રી કિકુભાઈ નાયક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત મા બધિર કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવા માટે ગાંધીનગર સ્થિત સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મૂક બધિર શિશુ વિદ્યામંદિર ના માનદ મંત્રી શ્રી વૈભવ કમલેશભાઈ જાની ને કિકુભાઇ નાયક એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા. એવોર્ડ મા રૂ.૧૧૦૦૦/- રોકડા, શાલ અને પ્રશસ્તિ પત્ર આપીને પ્રણવ આશ્રમ, કુણા, નડીયાદ ના પ. પૂ. સ્વામિ કેવાલાનંદ સરસ્વતી ના હસ્તે સન્માન કરવામાં આવ્યું. અન્ય ઉપસ્થિત મહાનુભાવો મા મારુતિ



વિરજવાન ટ્રસ્ટ ના શ્રી નાનુભાઈ સાવલીયા તેમજ નવચેતન ચેરીટેબલ ટ્રસ્ટ સુરત નાં શ્રી ઠાકોરભાઈ પટેલ, કીકુભાઈ નાયક ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ, અન્ય સ્થાનિક મહાનુભાવો, સ્ટાફ તેમજ મૂકબધિર વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા.

## ગટરમાં સફાઈ કામદારોને સફાઈ કરવા ઉતારવાનું ક્યારે બંધ થશે?



એક બાજુ આપણે ચંદ્ર પર પહોંચી ગયા છે.બુલેટ ટ્રેન અને મેટ્રો ટ્રેન આવી ગઈ છે ચારેબાજુ વિકાસની વાતો થાય છે. પાયાના પ્રશ્નો પર દયાન અપાતું નથી.

અગાઉ સુરતમાં પણ આવી ઘટના પણ બની હતી .

હવે સુરતમાં ભરૂચના દહેજમાં ગ્રામ પંચાયતની સાંકડી અને ઊંડી ગટર સાફ કરવા ઉતરેલા મુળ દાહોદના દનસિંઘ મુનિયા ઉંમર ૩૦ વરસ પરેશ કટારા ઉંમર ૨૮ વરસ હનીફ પરમાર ઉંમર ૨૪ વરસ મોતને ભેટ્યા છે.

આ ઘટનામાં પાંચ પેકી ૩ સફાઈ કામદારો મુત્યુ પામ્યા છે બે સફાઈ કામદારોને ગંભીર હાલતમાં ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે

આમાં નવાઈની વાત એ છે કે જાહેર રજા હોવા છતાં આ પાંચ કામદારો કોના આદેશથી ગટર સાફ કરવા ગટરમાં ઉતર્યા? કોણ આદેશ આપતું હતું?,

અવારનવાર આવી રીતે ગટર સાફ કરવા સફાઈ કામદારોને ઉતારવામાં આવે છે અને આવી ઘટનાંમાં સફાઈ કમદારો મોતને ભેટે છે .શુ ગટર સાફ કરવા સફાઈ કમદારોને ઉતારવા સીવાય આપણી પાસે કોઈ વિકલ્પ નથી? શા માટે ગટરમાં ગેસની ગૂંગળામણમાં સફાઈ કામદારોનો બલી જાણીજોઈને ચડાવવામાં આવે છે?

ગટર સાફ કરવા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કેમ થતો નથી.હવે તો સાફ સફાઈ માટે મશીનો આવી ગયા છે મશીનોથી ગટરની સાફ સફાઈ થવી જોઈએ.જો થોડા રૂપિયા બચાવવા આમ કરાતું હોય તો આ ખતરનાક ખેલ હવે આજથી બંધ થવો જોઈએ.માણસ કિંમતી છે કે રૂપિયા ?

આવી ગટરો સાફ કરવા ગટરોમાં સફાઈ કામદારોને ઊતરવાનું આજથી અરે હમણાંથી જ બંધ થવું જોઈએ

સફાઈ કામદારો મુળભુત રીતે મધ્યમ વર્ગના પરિવારોમાંથી આવતા હોય છે.એમને માથે પત્ની બે ત્રણ સતાનો વડીલ માતાપિતાની જવાબદારી હોય છે આપને કોઈ હક નથી કે આવા પરીવારોના માથા પરથી છત હટાવી લઈએ.એમના ભરણપોષણનું શુ ? આવી રીતે કોઈ ઘરનો આશરો અને સહારોઃ એમના પત્ની વડીલ માતાપિતા અને બાળકોનું કોણ? એક સફાઈ કામદારોના ૫/૭ જણાના પરિવારને નોંધારા બેસહારા શુ મતલબ?

રાજ્ય સરકાર તાત્કાલિક ગટર સાફસફાઈ કરવા સફાઈ કામદારોને ઉતારવા પર સખત પ્રતિબંધનો કાયદો બનાવે એનો અમલ કરાવે જો ગટર સાફ કરવા મશીનો લાવવાના હોય તો જે તે ગામના આગેવાનો ફંડ ઉઘરાવી શકે છે રાજ્ય સરકાર પણ મદદ કરી શકે છે .પણ હવે ગટરમાં ગુગલાઈને એક પણ સફાઈ કામદાર મરવો જોઈએ નહીં. ગટર સાફ કરવા મશીનોનો જ ઉપયોગ ફરજીયાત કરવો જોઈએ એક પણ જગ્યા પર કોઈ પણ સફાઈ કામદાર ગટર સાફ કરવા ગટરમાં ઉતરે નહીં સફાઈ કામદાર અને એમના પરીવાર સાથે રમાતી આ રમત હવે બંધ થવી જોઈએ

રાજ્ય સરકાર તાત્કાલિક કાયદો બનાવી એનો સખત અમલ કરાવે એ સમયની માંગ છે

ગ્રામ પંચાયતો નગરપાલિકા અને મહાનગર પાલિકાઓ આ ઘટનામાંથી બોધપાઠ લે અને ભવિષ્યમાં આવી કોઈ દુર્ઘટના ના બને એની કાળજી લે અને સાવધાની રાખે.

અબ્બાસભાઈ કૌકાવાલા.સુરત

## થરાદ શહેર ભાજપ દ્વારા સામાજિક ન્યાય સપ્તાહ(૬ થી ૧૪ એપ્રિલ) ઉજવણી અનુસંધાને ૬ એપ્રિલ -ભારતીય જનતા પાર્ટી ના સ્થાપના દિવસ ની ઉજવણી કરવામાં આવી

ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી છે અને દેશમાં સૌથી વધારે ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ, રાજ્ય સરકારો અને કેન્દ્રમાં સતત બીજી વખત માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં સંપૂર્ણ બહુમતી ધરાવતી સરકાર છે.

તા. ૬ એપ્રિલના ભાજપનો સ્થાપના દિવસ અને ૧૪ એપ્રિલના રોજ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિ છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જગત પ્રકાશ નડ્ડાજીની સૂચના મુજબ, પાર્ટીના સ્થાપના દિવસથી લઈને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિ સુધી “સામાજીક ન્યાય સપ્તાહ”ના રૂપમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું છે.

જેના અનુસંધાને થરાદ શહેર



ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે જેના ઈન્ચાર્જ મહામંત્રી પ્રકાશભાઈ સોની અને સહ ઈન્ચાર્જ યુવા પ્રમુખ હીતેશભાઇ વાણીયા છે.

પાર્ટી ના વિવિધ કાર્યક્રમો ના આયોજન ના ભાગરૂપે આજે ૬ એપ્રિલ -ભારતીય જનતા પાર્ટી ના સ્થાપના દિવસ નીમિતે પાર્ટી ના કાર્યાલય ખાતે ધ્વજ લગાવવા મા આવ્યો હતો,પાર્ટી ના ઈતિહાસ વિશે બૌધ્ધિક કરવામાં આવ્યું હતું,અને દરેક કાર્યકર્તાઓ એ પોતાના ઘરે ભાજપ નો ધ્વજ લગાવી ઉજવણી કરવામાં આવી હતી,સૌ કાર્યકર્તાઓ એ સાથે મલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી નું ઉદ્દબબોધન સાંભલ્યુ હતું.

આ પ્રસંગે થરાદ શહેર પ્રમુખ અજયભાઈ ઓઝા, મહામંત્રી પ્રકાશભાઈ સોની, મહામંત્રી જેહાભાઇ હડીયલ વિવિધ મોરચા પ્રમુખ મહામંત્રી, શક્તિ કેન્દ્ર સંયોજક પ્રભારીઓ, પાર્ટી ના હોદેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જૈન મુનિશ્રીએ સમજાવ્યું શાશ્વતી ચૈત્ર માસની નવપદજી ની ઓળીમાં ચૈત્રી પૂનમનું મહિમા

### ચૈત્રી પૂનમે કરેલી ધાર્મિક ક્રિયાઓ પાંચ કરોડ ઘણું ફળ આપે છે-જૈનમુનિ નયશેખર વિજયજી

ગુજરાતના પાટનગર ગાંધીનગર સમીપે આવેલ સોનારડા ગામેથી માનવતાના મસીહા પૂ.આ.શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂજય મુનિરાજશ્રી નયશેખર વિજયજી મ.સા એ શાશ્વતી ચૈત્ર માસની નવપદજીની ઓળીમાં જણાવેલ કે શત્રુંજય ગિરિરાજ નો મહિમા જગ વિખ્યાત છે.સ્વયં સીમંધર સ્વામી જેને પોતાના મુખથી વર્ણવતા હોય એ ગિરિરાજની પવિત્રતાની પવિત્રતાની ગિરિરાજની પવિત્રતાની તો વાતજ શી કરવી.

ચૈત્રી પૂર્ણિમા નું મહત્વ બતાવતા શાસ્ત્રકારોએકહ્યું છે કે વર્ષની બાર પૂર્ણિઓમાં ચૈત્રી પૂનમ પુણ્ય વૃદ્ધિ કારક છે.ચૈત્રી પૂનમના દિવસે જે શુભભાવ પૂર્વક ઉપવાસ કરીને શ્રી સિદ્ધાચલ ની યાત્રા કરે તે જીવ નરક કે તીર્યંચ ગતિમાં ન જાય.ચૈત્રી પૂનમે સ્નાત્રજલ ઘરમાં લાવીને હંમેશા છાંટે તે સંપદા પામે.ચૈત્રી પૂનમનું જો ભવીજીવ આરાધન કરેતો મોક્ષપદ પામે.

ચૈત્રી પૂનમે શત્રુંજય તીર્થ પર રહેલ પ્રતિમાઓનું પૂજન કરવાથી શ્રી નંદીશ્વરદ્વિપમાં રહેલ શાશ્વતા ભગવાનની પૂજા કરતાં અધિક પુણ્ય પ્રાપ્ત થાય છે.ચૈત્રી પૂનમે કોઈ મનુષ્ય કોઈપણ જગ્યાએ રહીને શ્રી ઋષભદેવની તેમજ પુંડરીક સ્વામીની પૂજા કરેતો દેવતાઈ સુખો પામે છે.ચૈત્રી પૂનમે કરેલી ધાર્મિક ક્રિયાઓ પાંચ કરોડ ઘણું ફળ આપે છે.તેથી જે પ્રાણી શુદ્ધ વિધિપૂર્વક ચૈત્રી પૂનમે આરાધના કરે,તે પોતાના સ્થાનમાં રહીને પણ ભાવના ભાવતો ભાવતો તીર્થયાત્રાનું ફળ પામે છે.શ્રી ઋષભદેવ પ્રભુ ના બે પુત્રો નમિ અને વિનમિ અને તેમના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામી પાંચ ક્રોડ સાધુના પરિવાર સાથે મુક્તિપદ ને પામ્યા છે.

વર્ષની બાર પૂર્ણિમા મધ્યે ચૈત્રીપૂનમનું માહાત્યમ ઘણું જ છે,તે અત્યંત પુણ્યની વૃદ્ધિ કરનાર છે.ચૈત્રી પુનમના દિવસે અનેક વિદ્યાધર, ચક્રવર્તી વિગેરે મહાપુરુષો વિમલગિરિ તીર્થ ઉપર મોક્ષે ગયા છે.તેથી ચૈત્રી પૂનમનો દિવસ ઉત્તમ છે.







જીપેરી, મેવડ દ્વારા તારીખ ૦૪ એપ્રિલના રોજ પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકરના માર્ગદર્શન હેઠળ કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગમાં જીટીયુ-જીસેટ ના વિષય નિષ્ણાત શ્રી પ્રો. મહેશ પંચાલ દ્વારા છઠ્ઠા સત્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ‘ ડેટા એનાલિસિસ વિથ પાયથોન‘ વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ વર્કશોપમાં ડેટા ક્લિનિંગ એન્ડ પ્રિપેરેશન, એક્સ્પ્લોરેટરી ડેટા એનાલિસિસ, ડેટા વિઝ્યુલાઈઝેશન સહિત ડેટા વિશ્લેષણ સંબંધિત વિવિધ વિષયોની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી હતી. જીપેરીમાંથી જેનું કોઓર્ડિનેશન કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગના પ્રો. પૂજન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જીપેરી-જીઆઈસી સેન્ટરના ઈન્ચાર્જ શ્રી મહાવીર મકવાણા દ્વારા ‘જીઆઈસી-સ્ટાર્ટઅપ અવેરનેસ‘ પર એક કલાકના સત્રનું આયોજન કરાયું હતું. મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના પ્રો.કેદાર બધેકા દ્વારા ચોથા અને છઠ્ઠા સત્રના વિદ્યાર્થીઓ માટે ‘એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ પ્રક્રિયાઓ’ પર ગાંધીનગરની પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) ખાતે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર જિલ્લા ના ચાર તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં ગુજરાત STEM ક્વિઝ ૨.૦ ૧૪-એપ્રિલ-૨૦૨૩ ના રોજ યોજાશે

ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ અને ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ધ્વારા ગુજરાત જીઈસ ક્વિઝ ૨.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાની STEM ક્વિઝ ૨.૦ તારીખ ૧૪ એપ્રિલ ૨૦૨૩ ના રોજ બપોરે ૨ થી ૩ દરમિયાન યોજાશે. અત્રે ઉલ્લેખનીએ છે કે STEM ક્વિઝમાં ગાંધીનગર જિલ્લાના ધોરણ ૯ થી ૧૨ ના ૨૭૦૦૦ બાળકોએ રજીસ્ટ્રેશન કર્યું છે .ઓનલાઇન યોજાનાર આ ક્વીઝમાં રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓને યુઝર આઈડી અને પાસવર્ડ તેમના મોબાઈલ નંબર પર મોકલી દેવામાં આવ્યા છે.

આ ક્વીઝમાં ભાગલેનાર વિદ્યાર્થીઓમાંથી દરેક તાલુકામાંથી ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી રાજ્ય કક્ષા માટે થશે એટલે કે દહેગામ,ગાંધીનગર,માણસા,કલોલ,અને મહાનગરપાલિકામાંથી કુલ ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી થશે.આ વિજેતા વિદ્યાર્થીઓને ડ્રોનકીટ,રોબોટિકકીટ,ટેલીસ્કોપ વગેરેમાંથી કોઈ એક ઈનામ આપવામાં આવશે સ્ટેટ લેવલ વિજેતા વિદ્યાર્થીઓને લેટેસ્ટ લેપટોપ,ટેબ્લેટ જેવા ઈનામો મળશે. તેમજ વિજેતા વિદ્યાર્થીઓને બુટ કેમ્પમાં ભાગ લેવાની તથા NSFU, ઈસરો,સાયન્સ સીટી,પ્લાઝમા રિસર્ચ સેંટર, ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર,મુંબઈ જેવી ખ્યાતનામ સંસ્થાઓની મુલાકાત લેવાની તક મળશે.

## તાજ હોટલમાં જુગારનો ગુનો દાખલ થવા બાબત

સરખેજ પો.સ્ટેશન

B.પાર્ટ૧૧૧૯૧૦૪૮૨૩૦૨૮૪/૨૩

(૧) ફરીયાદીઃ- શ્રી.સ.ત અ.હેડ.કોન્સ. હિંમતસિંહ રણજીતસિંહ, બ.નં.૩૭૮૧ નોકરી- ગુના નિવારણ શાખા, અમદાવાદ શહેર

(૨)આરોપીનુ નામ સરનામું :-

★(૧)★ કૈલાશભાઈ રામ અવતાર ગોયેંકા,★તાજ હોટલ ના માલિક★ ઉંમર વર્ષ- ૫૭, રહે- બંગલા નંબર ૨ સંકલ્પ રાજપથ ક્લબની બાજુમાં એસજી હાઇવે સેટેલાઈટ અમદાવાદ શહેર

★(૨)★ શંકરભાઈ મોહનભાઈ પટેલ ઉંમર વર્ષ ૫૭ રહે મકાન નંબર ૨૫ સર્વોદય વિભાગ એક વ્યયંગદેવ ચાર રસ્તા અગ્રવાલ ટાવરની સામે ઘાટલોડીયા અમદાવાદ શહેર

★(૩)★ હસમુખભાઈ મફતલાલ પરીખ ઉંમર વર્ષ ૫૬ રહેવાસી મકાન નંબર ૨ અભિશ્રી રેસીડેન્સી બંગ્લોઝ વિભાગ એક કાન્તમ પાર્ટી પ્લોટ ની પાછળ તાજ હોટેલ પાસે બોડકદેવ અમદાવાદ શહેર

★(૪)★ અજીતભાઈ શાંતિલાલ શાહ, ઉંમર વર્ષ ૪૯ રહે- એ ૨૦૨ અલ્ટિસ-૧ એપાર્ટમેન્ટ હેબતપુર રોડ સુવર્ણવિલા બંગલોઝ ની સામે સોલા અમદાવાદ શહેર

★(૫)★ કનુભાઈ અંબાલાલ પટેલ, ઉમર વર્ષ ૫૮ રહે- મકાન નંબર ૨૫ શુભ લાભ સોસાયટી સત્તાધાર ચાર રસ્તા પાસે સોલા રોડ અમદાવાદ શહેર

★(૬)★ ભાવિન ઈન્દ્રજીતભાઈ પરીખ, ઉ.વ- ૪૭, રહે બંગલા નંબર- ૨ સામવેદ માનસી કોમ્પલેક્ષની બાજુમાં સેટેલાઈટ અમદાવાદ શહેર

★(૭)★ પ્રદીપ રામભાઈ પટેલ, ઉં.વ-૫૯, મ.નં. સી/૯, ડિવાઈન આઈલેન્ડ સાયન્સ સિટી સોલા અમદાવાદ શહેર

★(૮)★ ભરતભાઈ મણીલાલ પટેલ, ઉં.વર્ષ-૫૯ રહેવાસી મકાન નંબર ૬૨ કલહાર એક્ઝોટિકા, સાયન્સ સિટી, સોલા અમદાવાદ શહેર

★(૯)★ જગદીશભાઈ ભગવાનભાઈ દેસાઈ, ઉં.વ-૫૯ રહેવાસી બંગલા નંબર ૧૯ હાર્મની બંગ્લોઝ ભાડજ અમદાવાદ શહેર

★(૧૦)★ નરેન્દ્રભાઈ જીવણલાલ પટેલ ઉંમર વર્ષ ૫૭ રહેવાસી મ.નં.બી/૨૧ બેલેવ્યુ ફાર્મ, લપકામણ, વડસર, તાલુકા દસ્કોઇ ઘાટલોડિયા જીલ્લો અમદાવાદ તથા તપાસમાં નીકળે તે તમામ

(૩) ગુ.બ.તાઃટાઃ- તાઃ૦૫/૦૪/૨૦૨૩ ના કલાકઃ ૨૨/૪૫ વાગે

(૪) ગુ.જા.તા.ટાઃ- તાઃ૦૫/૦૪/૨૦૨૩ ના કલાકઃ૨૨/૪૫ વાગે

(૫) ગુન્હાની જગ્યાઃ- બોડકદેવ, સિંધુભવન રોડ, તાજ હોટેલ ના સાતમા માળે આવેલ રૂમ નંબર ૭૨૧ માં

(૬) કલમ :- ધી જુગાર ધારા કલમ-૪,૫ મુજબ

(૭) ગુનાની ટુંક વિગત- આ કામમા હકિકત એવી છે કે ઉપર જણાવેલ તા.ટા અને જગ્યાએ કૈલાશભાઈ રામઅવતાર ગોયેક્રા ઉંમર વર્ષ ૫૭ રહે બંગલા નંબર ૨ સંકલ્પ રાજકોટ ક્લબની બાજુમાં એસજી હાઈવે સેટેલાઈટ અમદાવાદ શહેર ના ઓ એ પોતાની માલિકીની તાજ હોટલ માં પોતાના મિત્ર વર્તુળના માણસોને બોલાવી ભેગા કરી ગંજીફાના પાનાથી ીહ ેંૈ નો પૈસાની હાર જીતનો જુગાર રમી રમાડી લાલ તથા સફેદ કલરના કોઈન્સ નો નાણા તરીકે ઉપયોગ કરી રેડ દરમિયાન જુગારના અખાડા માંથી જુગાર રમતા પકડાયેલ ઈસમો નંબર ૧ થી ૧૦ પાસેથી મળી આવેલ રોકડા નાણા રૂપિયા ૯,૮૩,૩૫૦/- તથા ઉપરોક્ત ઈસમો પાસેથી મળી આવેલ કુલ્લે મોબાઈલ ફોન નંગ ચાર જેની કિંમત રૂપિયા ૬૫,૦૦૦ તથા ગંજીફાની કેટો નંગ-ત્રણ તથા લાલ તથા સફેદ કલરના ખુલ્લે કોઈન નંગ-૧૮૬ મળી કુલ ની કિંમત રૂપિયા ૧૦,૪૮,૩૫૦/-ના મુદ્દા માલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ-૪,૫ મુજબનો ગુનો કર્યા બાબત.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.